Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૨ મું. સંવત ૨૦૦૧

અંક ૧૧ મો. જ્યેષ્ઠ : જુન

સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


૧ યુવાનોને બોધપાઠ (શ્રી લક્ષ્મીસાગરજી મ૦) ... ... ... ૧૫૫
૨ ભક્તિ કરો સદાકાળ ( ,, ) ... ... ... ૧૫૫
૩ વિચારશ્રેણી (આ૦ શ્રી વિજયકસ્તુરસૂરિ મ૦) ... ... ... ૧૫૬
૪ કાવ્યનું સ્વરૂપ (શ્રી ધુરંધરવિજયજી મ૦) ... ... ... ૧૫૭
૫ આ સંસાર સર્વત્ર વિષમ છે (સં૦ શ્રી પુણ્યવિજયજી મ૦)... ... ... ૧૫૯
૬ શ્રી શ્રમણ ભગવાન મહાવીર દેવ (શ્રી લક્ષ્મીસાગરજી મ૦) ... ... ... ૧૬૪
૭ આધ્યાત્મિક ઉન્નતિ (શ્રી અભ્યાસી) ... ... ... ... ૧૬૬
૮ મદનો શિકાર **समयंमापमाए.** (શ્રી મોહનલાલ ચોકસી) ... ... ... ૧૬૮
૯ મેવાડની પરિસ્થિતિ (મુનિ૦ શ્રી ન્યાયવિજયજી) ... ... ... ૧૬૯
૧૦ આ સભાનો ૪૯ મો વાર્ષિક મહોત્સવ શરૂ થતું પચાસમું વર્ષ ... ... ૧૭૦
૧૧ વર્તમાન સમાચાર પંજાબ ... ... ... ... ... ... ... ... ૧૭૦


### નવા થયેલા લાઇફ મેમ્બરો.

૧ શ્રી સાગર જૈન લાઇબ્રેરી અગાસી
૨ શાહ પ્રાણલાલ મકનજી (માધવજી) મુંબઇ
૩ શાહ રમણિકલાલ જમનાદાસ ભાવનગર
૪ શાહ રમણલાલ જમનાદાસ અમદાવાદ હાલ ભાવનગર
૫ શેઠ નાનાલાલ કુંવરજીભાઈ ભાવનગર
૬ શાહ તેજરાજ કસ્તૂરચંદજી (ઓસવાલ) જમખંડી
૭ શેઠ સવાઇલાલ અમૃતલાલ ભાવનગર
૮ શેઠ શાન્તિલાલ ગુલાબચંદ ભાવનગર
૯ ફોટો૦ બાબુભાઈ મગનલાલ ભાવનગરી અમદાવાદ
૧૦ શેઠ છબીલદાસ જેસંગભાઇ મુંબઇ

## ગુજરાતી ભાષાના તૈયાર થતાં ગ્રંથો.

### ૧ શ્રી વસુદેવ હિંડી ગ્રંથ (શ્રી સંઘદાસ ગણિકૃત)

તત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાદતરૂપ આ ગ્રંથ છે. શુમારે પાંચમાં સૈકામાં તેની રચના થયેલી છે. મૂળ ગ્રંથનું બહુ જ પ્રયત્નપૂર્વકનું સંશોધનકાર્ય સદ્ગત મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય **મુનિરાજ શ્રી પુણ્યવિજયજી** મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. સાક્ષરવર્યશ્રી **આનંદશંકર** બાપુભાઈ ધ્રુવ સાહેબે આ સભામાં એક વખત પધારી જણાવ્યું હતું કે—આ ગ્રંથનું મૂળ અને ભાષાંતર શુદ્ધ કરી પ્રગટ કરનાર જે સંસ્થા હશે તેણે ખરી સાહિત્યસેવા કરેલી ગણાશે. આ ગ્રંથના અભ્યાસ સિવાય લખાયેલ ભારતનો ઇતિહાસ અપૂર્ણ રહેશે. દરેક જૈન જૈનેતર સાક્ષર અને સાહિત્યકારની પ્રશંસાને પાત્ર થયેલ આ ગ્રંથ છે. આવા બહુમૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાનો પાસે તૈયાર કરાવેલ છે. **તેના પ્રકાશન માટે સહાયની જરૂર છે.** કોઈ ભાગ્યશાળી, પુણ્યવાન અને સુકૃતની લક્ષ્મી પામેલ જૈન બન્ધુનું નામ આ ગ્રંથ સાથે જોડાય તેમ ઇચ્છીએ છીએ. ખરેખરી જ્ઞાનભક્તિનું આ ઉત્તમોત્તમ કાર્ય છે, એમ વિદ્વાન આચાર્ય મહારાજા તથા મુનિ મહારાજાઓનો ખાસ અભિપ્રાય છે. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી, અનેક જાણવા યોગ્ય વિષયો અને કથાઓ આવેલી છે.

આ ગ્રંથમાં પૂરેપૂરી સહાય આપનારનું જીવનચરિત્ર અને ફોટો આપવામાં આવશે. આ પ્રભાવશાળી, ઉત્તમોત્તમ અને સર્વમાન્ય ગ્રંથ–સાહિત્યની સેવા કરવાનો પ્રસંગ ભાગ્ય વગર સાંપડતો નથી જેથી કોઇ પુણ્યપ્રભાવક જૈન બંધુએ આ ગ્રંથ સાથે નામ જોડવા જેવું છે. સહાય આપનાર બંધુની ઇચ્છા મુજબ આ ગ્રંથનો ઉપયોગ સભા કરી શકશે.

**અમારા નવા થનારા લાઇફ મેમ્બરોને તૈયાર થતાં ઉપરનો તેમજ નીચે જણાવેલ છપાતાં ઉત્તમોત્તમ સુંદર ચરિત્રો ગ્રંથો તૈયાર થયે ધારા મુજબ તેઓને પણ ભેટ આપવાના હોવાથી જૈન બંધુઓ અને બ્હેનો લાઈફ મેમ્બર સત્વર થઈ લાભ લેવા જેવું છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૧ — જયેષ્ઠ — પુસ્તક ૪૨ મું.
વિક્રમ સં. ૨૦૦૧ — : : ઇ. સ. ૧૯૪૫ જુન : : — અંક ૧૧ મો.

## યુવાનોને બોધપાઠ: ઉપદેશપદ

( ગજલ-ભૈરવી. )

ચાલી જશે પલકમાં, મદમસ્ત આ યુવાની;
ચેતો જરા યુવાનો, દિલમાં વિચાર આણી.
બચપણ વહે રમતમાં, વૃદ્ધત્વ રોગમાંહિ;
સદ્ધર્મકાજ જગમાં, અવસર ખરો યુવાની. ૧
નાટક સિનેમા જોતો, હોટલ નહિ વિસરતો;
વિષયોની જ્વાલાઓમાં, હોમાંય જિંદગાની. ૨
દર્શન પ્રભુના કરવા, તુજને વખત ના મળતો;
નટીઓને નીરખવામાં, ભૂલે તું અન્ન પાણી. ૩
સદ્ધર્મ કાજ રૂપિયો, વાપરતા મન મુંઝાયે;
થાયે હજારોકેરી, ફેશનમાં ધૂળધાણી. ૪
આજે ભલે હસે તું, પાછલથી રોવું પડશે;
કહે **યશોભદ્ર** સમજ લે, ઉજાલો આ યુવાની. ૫

સંગ્રાહક—**મુનિ શ્રી લક્ષ્મીસાગરજી** મહારાજ-અમદાવાદ

---

## ભક્તિ કરો સદા કાળ.

રચયિતા—**મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી** મહારાજ-રાજનગર

( ધનાશ્રી-રાગ. )

**ભક્તિ કરો સદા કાળ** જીવ હો! ભક્તિ કરો સદાકાળ;
ભક્તિથી બેડો પાર. જીવ હો૦ ટેક.
અવસર ભક્તિનો ફેર ન મળશે, કરજે ભક્તિ અપાર-જીવ હો૦ ૧
ભક્તિ-રસમાં પૂર્ણાનંદે, થાયે આતમ ભાન-જીવ હો૦ ૨
જ્ઞાની, ધ્યાની, પણ પ્રભુની ભકતે, સાચી શાન્તિને પાય-જીવ હો૦ ૩
મોહ મમતા દૂરે હઠતાં, ભક્તિથી ભવ તરી જાય-જીવ હો૦ ૪
દીનદયાળ કૃપા કરી મુજને, ભક્તિ અધિક દર્શાવ-જીવ હો૦ ૫
પ્રભુભક્તિ રસમાં રાચીમાચી, જીવન ભવ્ય વિતાવ-જીવ હો૦ ૬
આવ્યો અવસર ચૂક ન તારો, પામીશ ભવનો પાર-જીવ હો૦ ૭
**લક્ષ્મીસાગર** પ્રભુ ભક્તિરસમાં, સાચું સુખ સદાય-જીવ હો૦ ૮

For Private And Personal Use Only

# ' વિચારશ્રેણી. '

( લે૦ આ. શ્રી વિજયકસ્તૂરસૂરિ મહારાજ )

પૌદ્‌ગલિક સુખના સાધન મેળવી આપવાની શક્તિ ધરાવનારની પ્રભુ તરીકે ઉપાસના કરનાર સાચા પ્રભુ મેળવવાનો અનધિકારી છે અને તે મિથ્યાજ્ઞાની હોવાથી આત્મિક લાભ મેળવી શકતો નથી

ભાષાની મૂર્ખાઈથી ભવમાં ભટકી શકાતું નથી પણ ભાવની મૂર્ખાઇથી તો ભવમાંથી નિકળી ન જ શકાય. ભાષાના અજાણને સ્વશ્રેયમાં બાધ આવે નહિ; પણ ભાવનો તો જાણ હોવો જ જોઇયે.

ભાવનો અજાણ ગમે તેટલી ભાષાનો જાણ હોવા છતાં પણ મૂર્ખ કહેવાય છે.

વસ્તુને વસ્તુરૂપે જાણી શ્રદ્ધા રાખનાર ભાવનો જાણ કહેવાય છે.

પોતે પવિત્ર હોય તો જ પવિત્ર વાણીનો પ્રકાશ કરીને સ્વપરનું સાચું શ્રેય કરી શકે છે.

કષાય વિષયનો દાસ–અપવિત્ર પુરુષ પવિત્ર વાણી પ્રકાશી શકે નહીં; પણ પોતાનો ક્ષુદ્ર સ્વાર્થ સાધવા પવિત્ર વાણીનો ઉપયોગ કરી શકે છે.

પૂજાવાની અને ક્ષુદ્ર સ્વાર્થની ભાવનાવાળાથી સ્વપરનું શ્રેય ન સધાય પણ સરળતાથી પવિત્ર વાણીદ્વારા પર ઉદ્ધારની કામનાવાળો સ્વ–પરનું શ્રેય કરી શકે છે.

પોતાના શ્રેય માટે મહાપુરુષોની પ્રવૃત્તિનું અનુકરણ મહાપુરુષ બનવાની યોગ્યતા પ્રાપ્ત કરાવી શકે છે; પણ ક્ષુદ્ર સ્વાર્થ માટે કરાયલું અનુકરણ અધમ પુરુષોની પંક્તિમાં ભળવા યોગ્ય બનાવે છે.

પૌદ્‌ગલિક લાભોની વાતો સાંભળવા અને તેને મેળવવા માનવી જેટલા ઉત્સાહથી પ્રયાસ કરે છે તેટલા ઉત્સાહથી આત્મિક લાભ સાંભળવા અને મેળવવા પ્રયત્ન કરતો નથી.

જીવમાત્ર જન્માંતરના સંસ્કારોને અનુસરે છે, જન્માંતરના ધાર્મિક સંસ્કારો સિવાય આત્મશુદ્ધિના હેતુથી ધર્મ ઉપર પ્રેમ થાય નહિં અને શુદ્ધ ધર્મનો આદર થાય નહિં.

પૌદ્‌ગલિક સુખ માટે ધાર્મિક પ્રવૃત્તિ કરનાર શુદ્ધ ધર્મનું આરાધન કરી શકતો નથી એટલે તેનો આત્મા કર્મોથી મુકાતો નથી પણ પૂન્ય કર્મ બાંધવાથી તેને ભોગવવા જન્મ મરણ વધારે છે.

પ્રભુની સંપત્તિ મેળવવા પ્રભુની દૃષ્ટિથી જોઈને વર્તવું જોઇએ, અને અજ્ઞાની જગતની પાસેથી મેળવવા તેની દૃષ્ટિથી જોઈને ચાલવું જોઇયે.

પ્રભુની દિવ્ય દૃષ્ટિથી જોનાર જગત સાથે સંબંધ રાખી શકતો નથી અને જગતની આંખોથી જોનાર પ્રભુ સાથે સંબંધ રાખવાનો અધિકારી નથી.

ધર્મી કરતાં પાપીનું કલ્યાણ પહેલું ઇચ્છવું જોઇયે કારણ કે ધર્મી પુરુષો તો પોતાના સત્કૃત્યથી જ પોતાનું શ્રેય સાધી સુખી થશે, પણ પાપી તો દુષ્કૃત્યોથી દબાયલો હોવાથી તેને તેનાથી મુકાવાને અનેકના શુભ આશીર્વાદોની જરૂરત છે. જો તેને અનેકના શુભ આશીર્વાદ મળે તો જ સદ્‌બુદ્ધિ આવીને સન્માર્ગદ્વારા તેને શ્રેય પ્રાપ્ત કરાવી શકે છે.

તમે બીજાને જોઈને હસો છો તો રડતા કેમ નથી ? કારણ કે એક પ્રકારનો આનંદ મેળવવાને માટે જ તમે બીજાને હસો છો તો પછી જે માણસથી તમારો આનંદ પોષાતો હોય તો તેના દુઃખથી દુઃખી થઇને તમારે રડવું જ જોઈએ.

તમને આનંદ તથા સુખ આપનાર કોઈ જડ વસ્તુ બગડી જાય કે ભાંગી જાય છે તો તમે શોક કરો છો, તો પછી તમારા મિથ્યાભિમાનને પોષી આનંદ આપનાર ચૈતન્ય માટે તો વધારે શોકગ્રસ્ત થવું જોઇયે.

કાંઇપણ ન ભણ્યો હોય તો પણ તે બુદ્ધિશાળી, ડાહ્યો અને પંડિત કહી શકાય કે જે પોતે છે તેવો દેખાય છે; કારણ કે તે પ્રભુ સાથે પ્રપંચ કરતો નથી અને એટલા માટે જ દુનિયાને ઠગીને વિશ્વાસઘાતી બની શકતો નથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કાવ્યનું સ્વરૂપ.

કાવ્ય એ સાધારણ વસ્તુ નથી. એ મહામૂલી ચીજ છે. જનતાની ઉન્નતિ ને અવનતિ તેના ઉપર અવલમ્બે છે, માટે તેનું સત્ય સ્વરૂપ સમજવું આવશ્યક છે. કનક-સોનાનું વાસ્તવિક સ્વરૂપ ન સમજનાર કથીરને કનક માની બેસે, છેતરાઈ જાય, વિપત્તિનો ભોગ બને તેમ કાવ્યનું સત્ય સ્વરૂપ ન જાણનાર પણ કાવ્યને નામે જે તે સડેલા વિચારોને પ્રસારતા પુસ્તકોને વાંચી, મનમાં ઠસાવી, મગજને ખરાબ કરે છે, ઊંધે રસ્તે દોરવાઇ જાય છે ને દુઃખી થાય છે.

કાવ્યના સ્વરૂપ-લક્ષણને માટે ભિન્નભિન્ન વિદ્વાનોના ઘણા વિચારો છે જુદા જુદા સાહિત્ય ગ્રન્થોમાં તે સમ્બન્ધી વિસ્તૃત ચર્ચાઓ છે. તે સર્વની સંક્ષેપમાં સમાલોચના કરી તેનું રહસ્ય દર્શાવવા અહિં પ્રયત્ન કરેલ છે.

પન્દરમી શતાબ્દિ પૂર્વેના સાહિત્યકારો કાવ્યના સ્વરૂપને આ પ્રમાણે દર્શાવે છે.

" દોષ વગરના ગુણવાલા અલંકારયુક્ત શબ્દાર્થ કાવ્ય છે. "

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજે કાવ્યાનુશાસનમાં કાવ્યનું સ્વરૂપ ઉપર પ્રમાણે દર્શાવેલ છે, તે સૂત્ર આ છે.

**'अदोषौ सगुणौ सालङ्कारौ शब्दार्थौ काव्यम्'।**

કાવ્યપ્રકાશમાં મમ્મટે પણ એ જ કહેલ છે પરંતુ તેનું કહેવું એમ છે કે કોઇ કોઇ સ્થલે અલ્પ અલંકારો હોય-નહિ જેવા અલંકારો હોય તો પણ ચાલે. તે લક્ષણ આ પ્રમાણે છે.

**'तददोषौ शब्दार्थौ सगुणावनलङ्कृती पुनः क्वापि'।**

વાગ્ભટ્ટ, ભોજરાજ, પીયૂષપર્વ વગેરે ઉપરના કાવ્યના સ્વરૂપમાં રસ-રીતિ આદિનો વધારો કરે છે. નીચે પ્રમાણે તેમના લક્ષણો છે.

**"साधुशब्दार्थसन्दर्भं, गुणालङ्कारभूषितम् ।
स्फुटरीति रसोपेतं, काव्यम्... ... ... ॥**

" સારા શબ્દાર્થની ગુંથણીવાળું, ગુણ અને અલંકારથી વિભૂષિત, સ્પષ્ટ રીતિ યુક્ત ને રસસહિત જે હોય તે કાવ્ય. " ( વાગ્ભટ્ટાલઙ્કાર )

**'निर्दोषं गुणवत्काव्य-मलङ्कारैरलङ्कृतम् ।
रसान्वितं कविः कुर्वन्, कीर्तिं प्रीतिं च विन्दति'**

દોષ વગરનું, ગુણવાળું, અલંકારોથી સુશોભિત રસયુક્ત કાવ્ય કરતો કવિ કીર્તિ ને પ્રીતિને પ્રાપ્ત કરે છે. ( સરસ્વતીકંઠાભરણ )

**' निर्दोषा लक्षणवती, सरीतिर्गुणभूषिता ।
सालङ्काररसाऽनेक-वृत्तिर्वाक्काव्यनामभाक् ॥'**

'દોષ વિનાની, સુલક્ષણી, સારી રીતિવાળી, ગુણથી શોભિતી, અલંકાર ને રસયુક્તા, વિવિધવૃત્તિવાળી વાણી કાવ્ય નામને ભજે છે-કાવ્ય કહેવાય છે. ' (ચન્દ્રાલોક)

પન્દરમી શતાબ્દિ પછીના સાહિત્યકારોએ આ લક્ષણો ઉપર ખૂબ ચર્ચા કરીને આ જાતિના લક્ષણોને દૂષિત કહ્યા. તેમનું કથન આ પ્રમાણે છે-શબ્દાર્થ એ કાવ્યનો દેહ છે-શરીર છે. શૌર્ય, ધૈર્ય, ઔદાર્ય આદિની જેવા ઓજસ પ્રસાદ માધુર્ય વિગેરે ગુણો છે. કાણત્વ, અન્ધત્વ, કૃપણત્વ જેવાં કિલષ્ટ દૂરાન્વય અશ્લીલ પ્રમુખ દોષો છે. હાર, અર્ધહાર, કંકણ કેયૂરવલય જેવા ભાષાસમ શ્લેષ અનુપ્રાસ ઉપમારૂપક આદિ અલંકારો છે. પણ કાવ્યનો આત્મા તો રસ જ છે; માટે જેમાં રસ હોય તે કાવ્ય કહેવાય. જો રસ ન હોય ને ગુણ-અલંકાર વગેરે હોય તો પણ તે કાવ્ય ન જ કહેવાય. આત્મા વગરનું શરીર ગમે તેટલું સ્થૂલ, મનોહર અને દાગીના-ઘરેણા પહેરાવેલ હોય પણ તે વ્યર્થ છે, મૃતક છે તેમ રસ વગરની ગમે તેવી શબ્દરચના નકામી છે, તેને કાવ્ય તરીકે ઓળખાવી શકાય નહિં. આત્મવાળા દેહનું મૂલ્ય જેમ તેનામાં રહેલ ગુણ-દોષ ઉપર અવલમ્બે છે તેમ રસવાળા કાવ્યની કિંમત તેના ગુણ-દોષને આધારે થાય છે પણ ગુણ-દોષ કે અલંકાર આદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાવ્યના સ્વરૂપ બોધક ન કહેવાય. ઇત્યાદિ ચર્ચા કરીને સોળમી શતાબ્દિમાં થયેલ વિશ્વનાથે સાહિત્ય-દર્પણમાં કાવ્યનું સ્વરૂપ દર્શાવતાં—

'**वाक्यं रसात्मकं काव्यम्**' રસભર્યું વાક્ય તે કાવ્ય કહેવાય એવું લક્ષણ કર્યું.

પ્રાચીન પુરુષોના લક્ષણ ઉપર વિશ્વનાથે જે આક્ષેપો કર્યાં છે, જે દૂષણો બતાવ્યાં છે તેને મિથ્યા ઠરાવવા નવીન ટીકાકારો કહે છે કે રસ એ કાવ્યનો આત્મા ભલે હો; પરંતુ તેટલા માત્રથી તેને કાવ્ય કહેવું એ ઉચિત નથી. બહુ દુર્ગુણોથી ભરેલ અને ગુણહીન માનવને માનવ કહેવો તે મનુષ્ય જાતિનું અપમાન છે. તેને પશુ જ કહેવો જોઈએ. એ જ પ્રમાણે અક્ષમ્ય દોષોવાળાં-નિર્ગુણ શબ્દાર્થને કાવ્ય તરીકે ઓળખાવવા એ કાવ્યનું સત્યસ્વરૂપ નહિં સમજવા બરાબર છે. અલંકાર વગરના કાવ્યના અંગો અડવા લાગે છે. વસ્ત્ર અને અલંકાર રહિત કાવ્ય શરીર નગ્ન નરની માફક અદર્શનીય-નહિં દેખવા લાયક છે. શ્રીમન્ત શ્રેષ્ઠિની લલનાની જેમ ધીમન્ત કવિની કવિતા લલિત ને અલંકારયુક્ત જ હોય છે. ગુણ ને અલંકારો જીવતા પ્રાણિમાં જ હોય, મૃતકમાં તેની ચર્ચા કરવી એ મૂર્ખતા છે માટે ગુણ અને અલંકારયુક્ત કહેવાથી જ તેમાં રસ છે—હોવો જોઇએ એ આવી જાય છે.

આ સર્વ વાદ-વિવાદની ગડમથલમાંથી ઉગરવાનો પ્રયત્ન કરતાં કવિરાજ જગન્નાથ કાવ્યનું લક્ષણ રસગંગાધરમાં આ પ્રમાણે કહે છે.

'**रमणीयार्थप्रतिपादकः शब्दः काव्यम्**'।

'મનોહર અર્થને જણાવનાર શબ્દ કાવ્ય છે.'

આ લક્ષણમાં પણ રમણીયતા શું છે? એ ચર્ચા તો કાયમ જ રહે છે. કેટલાએક ધ્વનિના ઉપાસકો કહે છે કે '**काव्यस्यात्मा ध्वनिः**' '**ध्वन्यात्मकं वाक्यं काव्यम्**' કાવ્યનો આત્મા ધ્વનિ છે. ધ્વનિવાળું વાક્ય એ કાવ્ય. એટલે જે વાક્યમાંથી કાંઈક ગંભીર સૂચન-વ્યઙ્ગ્યાર્થનું ભાન થતું હોય તે કાવ્ય કહેવાય. વક્રોક્તિના પક્ષપાતિઓ જેમાં વક્રોક્તિ હોય તેને જ કાવ્ય તરીકે મનાવવાનો આગ્રહ સેવે છે, પરંતુ તે સર્વ એકદેશીય છે.

આ સર્વ ચર્ચાઓને અન્તે છેલ્લે છેલ્લે રહસ્ય-ભૂત કાવ્યનું સ્વરૂપ-લક્ષણ આધુનિકો બતાવે છે તે આ પ્રમાણે.

'**भगवद्गुणग्रामाभिमुखकारक-चेतोद्रावक-पदसमूहः काव्यम्**'

'પરમાત્માના ગુણગણ પ્રત્યે રુચિ કરાવનાર, ચિત્તને પીગળાવનાર પદસમૂહ, શબ્દરચના તે કાવ્ય કહેવાય.'

જેથી કેવળ મનોરંજન થાય છે, વિકારવૃત્તિઓ વધે છે, એવી શબ્દરચના રસવાળી હોય તો પણ તે કાવ્ય નથી, કાવ્યાભાસ છે. તેમાં કાવ્યનું લક્ષણ ન જવું જોઇએ તે સમજાવવા '**भगवद्गुणग्रामाभि-मुखकारक**' એવું પ્રથમ વિશેષણ ઉપરના કાવ્યના લક્ષણમાં આપેલ છે.

ગુણને અલંકારો હોય, દોષો ન હોય તો જ તેના તરફ આકર્ષણ થાય, રસ જામે ને ચિત્ત પીગળે એ હકીકત '**चेतोद्रावक**' એવું બીજું વિશેષણ સમજાવે છે, ને તેથી જ 'હિંસા ન કરો, અસત્ય ન વદો, પરધન ન પરિહરો, પરદારા ન સેવો, પરિગ્રહ ન વધારો, પાપ પ્રવૃત્તિ ઓછી કરો, પાપ કરશો તો દુઃખી થશો, તપ-જપ-નિયમ-આચરો, ધર્મ કરો, ધર્મથી સુખી થશો, વગેરે વાક્યો પરમાત્માના ગુણ પ્રત્યે રુચિ કરાવનારા છે છતાં ચિત્તને પીગળાવનારા નથી. એટલે તે વાક્યો 'કાવ્ય' નામે ઓળખાવાતાં નથી.

કાવ્ય-અમૃતના પિપાસુઓ! સાહિત્યરસિકો! કાવ્ય વાંચતા કે સાંભળતા મનને નીચેના પ્રશ્નો અવશ્ય પૂછો કે આથી ચિત્તને આનંદ થાય છે? હૃદય ઉલ્લસિત બને છે? મનને પ્રમોદ મળે છે? વિશિષ્ટ ગુણો મેળવવા ને કેળવવા તીવ્ર અભિલાષા જાગે છે? સદ્‌ગુણ અને સદ્‌ગુણી પ્રત્યે અનુરાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન્મે છે? દુર્ગુણ તરફ દ્વેષ ઉદ્દ્‌ભવે છે? જીવન ઉન્નત દશામાં મુકાય છે? ઉત્તરમાં 'હા' મળે તો તે સાથે એકમેક બની જજો, તે તે વિચારો હૃદયમાં દઢ કરજો ને તે માર્ગે જીવન દોરી જજો. ઉત્તરમાં 'ના' આવે તો તે કાવ્યને દૂર કરજો, તેના વિચારોને તિલાંજલિ આપજો, ફરી તેના સામું પણ ન જોશો.

છેવટ કાવ્યના સત્ય સ્વરૂપને સમજી રસિકો વિશુદ્ધ કાવ્યના ઉપાસક બને, તેનો રસાસ્વાદ ગ્રહણ કરી રસમય બની અનન્ત રસસાગર–પરમાત્મામાં લીન થઇ જાય.

દાદાસાહેબ વાડી. } **મુનિશ્રી ધુરન્ધરવિજય.**

# આ સંસાર સર્વત્ર વિષમ જ છે.

## ( ભવસ્વરૂપ ચિંતવન. )

" આ સંસારમાં કોઇ જન્મમાં મોટું રાજ્ય તો કોઇ જન્મમાં ધનનો લેશ પણ દુર્લભ થાય છે, કોઇ જન્મમાં ઉચ્ચ જાતિ તો કોઇ જન્મમાં નીચ કુળ-રૂપી અપયશ પ્રાપ્ત થાય છે તથા કોઇ જન્મમાં દેહસૌન્દર્યની શોભાનો અતિશય તો કોઇ જન્મમાં શરીરનું સ્વરૂપ જ હોતું નથી. આ પ્રમાણે સંસારની વિચિત્રતા કોને પ્રીતિકારક થાય? કોઇને પણ ન થાય."

**વિવેચન**—હે ચેતન ! તું મનમાં વિચાર કે આ સંસારમાં આવી સર્વ પ્રકારની વિષમતા–અસમાનતા એટલે વિચિત્રતા રહેલી છે, તેથી તે કયા પંડિત પુરુષને પ્રીતિદાયક થાય? કોઇને પણ ન થાય. તે કેવી વિષમતા છે? તે કહે છે–સર્વ પ્રાણીઓનું જીવપણું તુલ્ય છતાં પણ કોઇક ભવને વિષે અથવા કોઇક પ્રાણીને અતિ મોટું રાજ્ય પ્રાપ્ત થાય છે, તો કોઇક જન્મમાં અથવા કોઇક પ્રાણીને કાંચનાદિક ધનનો લેશ પણ એટલે ઘણું ધન તો દૂર રહો પરંતુ થોડું પણ દુર્લભ દેખાય છે. તથા કોઇક જન્મમાં ઉત્તમ કુળમાં જન્મની પ્રાપ્તિ થવાથી પૂજા સત્કારાદિકની વૃદ્ધિ દેખાય છે, તો કોઇક જન્મમાં શૂદ્રાદિક નીચ કુળને વિષે ઉત્પન્ન થવાથી સર્વત્ર અનાદર ને અપકીર્તિ દેખાય છે. તથા કોઇક જીવને દેહના સૌન્દર્યની લક્ષ્મી–શોભા અતિશય ચિત્તને ચમત્કાર કરનારી દેખાય છે, તો કોઇક જન્મમાં અથવા કોઇક જીવને તિર્યંચ અને નારકીને વિષે અથવા પુણ્ય રહિત એવા દેવ મનુષ્ય ભવને વિષે પણ શરીરનું સ્વરૂપ–સુંદરતા દેખાતી નથી. આ પ્રમાણે સંસારની વિષમતા છે તેથી તેમાં કોઇએ પણ પ્રીતિ કરવી યોગ્ય નથી.

### સંસારમાં વસતા પ્રાણીઓને સુખ હોતું નથી.

" પામર પ્રાણીઓએ માનેલા પ્રગટ સંસારરૂપી ગૃહમાં નિવાસ કરવાથી કલ્પેલા સુખને અમે કયા નામથી કહીએ–વર્ણન કરીએ? કેમકે આ ભવ-સાગરમાં કામદેવરૂપી ઉદ્ધત શત્રુ અથવા ચોર ત્રણ ગુણરૂપી પૃથ્વીને ખોદે છે. તથા પડોશમાં રહેલા કુપરિણામનો નિરંતર કજીઓ ચાલે છે અને અંદર–મનમાં સંસાર કરતા અષ્ટમદરૂપી સર્પોના ખીલો જોવામાં આવે છે."

**વિવેચન**—પામર તત્ત્વને નહીં જાણનારા પુરુષોએ માનેલું એટલે બહુમાનવડે સ્વીકાર કરેલું પ્રગટ રીતે નામના ઉચ્ચારપૂર્વક ભવરૂપી ગૃહમાં જે પ્રાણીઓને નિવાસ કરવાનું સુખ છે તેને અમે કયા નામથી કહીએ? કેમકે તેમાં કોઇ પણ સુખ-પણું જોવામાં આવતું નથી, તેને કોઇ પણ સુખનું નામ આપી શકાતું નથી. આ ભવરૂપી ગૃહને વિષે ઉદ્ધત–દમન કરી ન શકાય તેવો કામદેવ, મર્યાદા રહિત સ્ત્રીનું સેવન કરવારૂપ પરિપંથી–ચોર અથવા શત્રુ ત્રણ રત્નમય ત્રણ ગુણરૂપી પૃથ્વીને–સમતાદિક શુદ્ધ પરિણામને ખોદી નાંખે છે. કામદેવ સમતાનો વિનાશ કરે છે તેથી કામી માણસ સંસારમાં જ ભમે છે, તથા તે ગૃહને વિષે પાસે પડોશમાં રહેલા કુપરિણામનો નિરંતર કલહ-વાણીના યુદ્ધનો કલેશ જોવામાં આવે છે. કુપરિણામથી કલેશ જ ઉત્પન્ન થાય છે માટે આ પ્રમાણે કહ્યું છે તથા અંદર ભવગૃહને વિષે અર્થાત્ મનમાં સંચાર કરનારા અભિમાન ( આઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મદ ) રૂપી સર્પોના બીલો જોવામાં આવે છે. અભિમાન વિનાશનું કારણ હોવાથી તેને સર્પની ઉપમા આપી છે. આવા સંસારરૂપ ગૃહમાં સુખ કયાંથી હોય ? ન જ હોય.

**આ સંસાર ગ્રીષ્મ ઋતુની જેમ ભયંકર છે.**

" જે ભવરૂપી ગ્રીષ્મ-કાળમાં અતિ ઉગ્ર ક્રોધરૂપી સૂર્યથી સમતારૂપ સરોવર શોષણ પામે છતે વિષયને પરાધીન થયેલા ભવ્યપ્રાણીઓ તૃષાવડે પીડા પામીને ખેદયુક્ત થાય છે. તથા જે ભવરૂપી ગ્રીષ્મકાળે નિરંતર કામદેવરૂપી પરસેવાની ભીનાશથી ગુણરૂપી મેદસને ગ્લાનિ પમાડી છે, એવા આ ભયંકર ભવરૂપી ગ્રીષ્મઋતુને વિષે તાપનું હરણ કરનાર કયું શરણ છે ? " કોઈ નથી.

**વિવેચન**—હે ભવ્ય પ્રાણીઓ ! નિરંતર કામવિકારરૂપ પરસેવાની ભિનાશથી ગુણરૂપી મેદસ એટલે ધર્મધાતુઓને જેણે ગ્લાનિ પમાડી છે એવા આ ભયંકર ભવરૂપી ગ્રીષ્મઋતુને વિષે તાપને હરણ કરનાર એટલે મનના ઉદ્વેગનું તથા ક્રોધરૂપી સૂર્યના તીક્ષ્ણ કિરણોથી ઉત્પન્ન થયેલા સંતાપનું નિવારણ કરવા માટે કઇ વસ્તુ આશ્રય કરવા યોગ્ય છે ? કોઇ પણ નથી. કેમકે તે ભવરૂપી ગ્રીષ્મકાળને વિષે અતિ ઉગ્ર-દુર્ગતિનો હેતુ હોવાથી ભયાનક એવા ક્રોધરૂપી સૂર્યથી સ્વપરને તાપનું કારણ હોવાથી તેને સૂર્યની ઉપમા ઘટે છે એવા ક્રોધાર્કથી શાન્તવૃત્તિરૂપ સરોવર સંતાપનું કારણ કરવામાં સમર્થ હોવાથી જેને જળાશયની ઉપમા ઘટે છે એવું જળાશય શોષ પામે છતે તે વિષયોને પરાધીન થયેલા મોક્ષે જવા યોગ્ય ભવ્ય જીવો તૃષાથી પીડા પામ્યા છતા જ કલેશ પામે છે એટલે સમતારૂપ રસના અભાવને લીધે તૃષ્ણાની અપૂર્ણતા થવાથી તરસ્યા ને તરસ્યા જ મરી જાય છે.

**આ સંસારમાં સર્વ સગાઓ સ્વાર્થના જ સગા છે.**

" આ સંસારસુખનું વર્ણન કરવામાં કયો રસિક **પુરુષ** પણ પ્રમાતા ( માપ કરનાર ) છે ? કોઈ જ નથી; કેમકે માતાપિતા અને ભ્રાતા પણ સ્વઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય તો જ માન્ય થાય છે તથા તેમના ઉપકારાદિક ગુણસમૂહને જાણતો છતો અને પોતે ધનવાન છતો તેને ધન આપતો નથી. કેમકે આ જગતમાં સર્વ જનો પોતાના સ્વાર્થની જ વૃદ્ધિમાં નિરંતર અસંત ગાઢ પરિણામવાળા રહે છે. "

**વિવેચન**—હે પ્રાણી ! **સંસાર** સુખની ખ્યાતિમાં એટલે આ મનુષ્યાદિક જન્મમાં જે સુખ છે તેનું વર્ણન કરવામાં કયો રસિક પુરુષ પ્રમાતા છે ? એટલે સંસારમાં આટલું સુખ છે એમ તેનું પ્રમાણ કરી શકે તેવા કોણ છે ? કોઇ જ નથી; કેમકે સંસાર સુખના અનિયમિત સ્વભાવે કરીને તેનું માન થઇ શકે તેવું નથી. જે ભવમાં માતાપિતા અને બંધુ પણ પોતાના સ્વાર્થની સિદ્ધિ થાય તો જ આ પ્રાણીને માન્ય થાય છે. અને તેમના પૂર્વે કરેલા ઉપકારાદિક ગુણસમૂહને જાણતો છતો એટલે કે આણે મારા પર ઉપકાર કર્યો છે એમ જાણતો છતો તથા ધનવાન-સમૃદ્ધિવાન્ છતો પણ તેમને ધન આપીને પ્રત્યુપકાર કરતો નથી કારણ કે સર્વે મનુષ્યો સ્વાર્થની-પોતાના પ્રયોજનની વૃદ્ધિ-સિદ્ધિ કરવામાં જ નિરંતર અતિ ગાઢ પરિણામને ધારણ કરનારા હોય છે એટલે સ્વાર્થની સિદ્ધિમાં જ વધતા પરિણામવાળા રહે છે, પણ પ્રત્યુપકાર કરનારા થતાં નથી.

**આ સંસાર વિશ્વાસઘાતી છે.**

" અહો ! લોકો પોતાનો મોટો સ્વાર્થ હોય ત્યારે જેઓને સ્વજનાદિકોને સ્તુતિ અથવા ધનવડે તથા પોતાના પ્રાણોએ કરીને પણ ગ્રહણ કરે છે, તેઓને જ અન્યથા-સ્વાર્થ ન હોય ત્યારે અતિ નિર્દયપણે તૃણની જેમ તજી દે છે. વળી હૃદયમાં વિષને અને મુખમાં અમૃતને ધારણ કરે છે માટે આ પ્રમાણે વિશ્વાસનો ઘાત કરનાર આ ભવથકી જો તને ઉદ્વેગ-વૈરાગ્ય પ્રાપ્ત થતો નથી તો પછી અધિક કહેવાથી શું ફળ ? કાંઇ જ નથી. "

**વિવેચન**—હે પ્રાણી ! આ પ્રમાણે-હમણા કહે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વામાં આવશે તે પ્રકારે વિશ્વાસઘાતકારક એવા આ ભવથકી જો તારા આત્માને વૈરાગ્ય-ઉદાસીનતા પ્રાપ્ત થતી નથી તો પછી તેથી અધિક કહેવાથી શું ફળ થાય? કાંઈ જ નહિ. આ ભવ વિશ્વાસઘાતી શી રીતે છે તે બતાવે છે-આ સંસારને વિષે લોકો મોટો સ્વાર્થ ઉત્પન્ન થયો હોય ત્યારે જે સ્વજનાદિકને ઘણી સ્તુતિ અથવા ધનવડે તથા પ્રાણો આપીને પણ ગ્રહણ કરે છે-સ્વીકાર કરે છે તેજ સ્વજનાદિક જ્યારે સ્વાર્થસિદ્ધિ નથી હોતી ત્યારે અત્યંત નિર્લજ્જ થઇને પગે લાગેલા તૃણની જેમ તજી દે છે. તેથી કરીને તેના હૃદયમાં હલાહલ વિષ ને મુખમાં અમૃત રહેલું છે કેમ કે સ્વાર્થતત્પર મનુષ્ય મનમાં સર્વનું અનિષ્ટ ચિંતવે છે તેથી અંતરમાં વિષને ધારણ કરે છે અને મુખે મિષ્ટ વચનો બોલે છે તેથી મુખમાં અમૃત ધારણ કરે છે.

## ભવરૂપી ગૃહનું વિષમપણું.

"ગુણીજન પણ મોટા ધનના નિધિવાળાના મનોહર એવા દૃષ્ટિના પ્રાંતભાગે કરીને હર્ષ પામે છે, અને તેમની રોષ યુક્ત દૃષ્ટિથી ખેદ પામે છે તથા તે વખતે સ્તુતિ વિગેરે ઉપાયો કરીને મહા પ્રયત્ને તેમનો રોષ દૂર કરે છે, માટે અહો! આ મોહનીય કર્મની આ પ્રકારના ભવગૃહના વૈષમ્યની રચના છે."

**વિવેચન**—અહો! મોહનીય કર્મે કરેલી નીચે કહેવામાં આવશે તે પ્રમાણેની ભવગૃહના વૈષમ્યની-દારુણતાની રચના કેવી છે કે જે સંસારરૂપ ગૃહમાં કલા, વિજ્ઞાન અને વિવેકાદિક ગુણવાન પણ કાંચનાદિક પ્રચુર ધનના નિધિવાળા ગૃહસ્થના પ્રસન્ન મનોહર નેત્રના કટાક્ષવડે એટલે પ્રસન્ન દૃષ્ટિવડે જોવામાત્રથી આનંદ પામે છે, અને તે ગૃહસ્થના જ કોપ યુક્ત નેત્રપ્રાંતે કરીને ખેદયુક્ત-દુ:ખી થાય છે. અને તે વખતે એટલે જ્યારે તેમની કોપયુક્ત દૃષ્ટિ જુએ છે ત્યારે મહાપ્રયત્ને તેના માહાત્મ્યનું વર્ણન કરવારૂપ એટલે 'અહો આપ તો ઉદાર છો' ઇત્યાદિક સ્તુતિ અને પ્રણામાદિ કરવારૂપ ઉપાયોવડે તેનો રોષ દૂર કરે છે.

## સ્ત્રી પુત્રાદિક બાહ્ય કુટુંબમાં મોહ પામેલા મનુષ્યોને આભ્યંતર કુટુંબનું દર્શન પણ થતું નથી.

"આ આભ્યંતર કુટુંબમાં પ્રેક્ષા-તત્ત્વા-તત્ત્વનો વિચારરૂપ પ્રિયા, વિનયરૂપી પુત્ર, ગુણરતિ નામની પુત્રી, વિવેક નામનો પિતા અને શુદ્ધ પરિણતિ નામની માતા છે. આ પ્રમાણે વિશુદ્ધ એવા આત્માનું કુટુંબ સ્પષ્ટ રીતે ભાસે છે. તે કુટુંબ આ અનાદિ સંસારમાં ભમતા પ્રાણીએ જોયું જ નથી."

**વિવેચન**—હે પ્રાણી! વિશુદ્ધ-પાપકર્મરૂપ મળ રહિત આત્માનું આ આગળ દેખાડવામાં આવશે તે કુટુંબ કે જે ખરું છે તે કુટુંબને અનાદિ સંસારમાં તેં જોયું નથી, તો પણ ખેદની વાત છે કે-એવું આભ્યંતર કુટુંબ છતાં તેની સાથે નહિ મળતા પ્રાણીઓને સ્ત્રીપુત્રાદિકના બાહ્ય સંબંધને વિષે સુખબુદ્ધિ ઉત્પન્ન થાય છે. તે આભ્યંતર કુટુંબ આ પ્રમાણે છે-આભ્યંતર કુટુંબને વિષે પ્રેક્ષા એટલે તત્ત્વા-તત્ત્વનો વિચાર કરનારી બુદ્ધિરૂપ પ્રાણપ્રિયા છે, કેમકે તે દુ:ખનો વિનાશ કરનારી છે તથા વિનય-નમ્રતારૂપી પુત્ર છે, કારણ કે જ્ઞાનાદિક સંપત્તિનો તે વૃદ્ધિકારક છે. તથા સમ્યક્ત્વાદિક ગુણને વિષે જે પ્રીતિ તે રૂપી પુત્રી છે; કેમકે તે પરમાનંદના ઉત્સવનો હેતુ છે. તથા વિવેક કૃત્યા-કૃત્યાદિકની પરીક્ષાના જે વિચાર તેજ વિવેક નામનો પિતા છે; કેમકે તે આપત્તિથી રક્ષણ કરે છે. તથા સર્વને હિતકારી હોવાથી પ્રશંસા યોગ્ય એવી શુભપરિણતિ નામની માતા છે કારણ કે તે પરિપાલન કરવામાં શક્તિમાન છે. આવું આભ્યંતર કુટુંબ બાહ્ય સંયોગમાં સુખની બુદ્ધિવાળાને અદૃશ્ય જ છે.

## આ સંસારમાં સર્વત્ર દુ:ખ જ છે.

"જે ભવને વિષે પ્રાણી પ્રથમ પ્રેમના આરંભમાં દુ:ખ પામે છે, ત્યાર પછી તે પ્રેમની સ્થિરતાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે દુઃખોને સહન કરે છે અને ત્યારપછી તે પ્રેમનો વિનાશ થાય ત્યારે પણ તે કઠીન ચિત્તવાળો પ્રાણી અત્યંત સંતાપને લીધે કુંભારના નિંભાડામાં નાંખેલા ઘડાની જેમ તપતો સતો દુઃખોને સહન કરે છે. અને છેવટ દુષ્કર્મના વિપાકને લીધે ભવાંતરમાં પણ નરકાદિક દુઃખોને પામે છે."

**વિવેચન**—હે જીવ! ઘણી ખેદકારક વાત છે કે–આ પ્રત્યક્ષ દેખાતા સંસારમાં કોઇપણ ઠેકાણે સુખ-શાંતિ નથી. કેમકે જે સંસારમાં પ્રાણી પ્રથમ પ્રેમ ઉત્પન્ન થયા પહેલાં આરંભમાં–પ્રથમ પ્રીતિ ઉત્પન્ન કરવામાં નાના પ્રકારના દુઃખોને પ્રેમ મેળવવા માટે પ્રયાસાદિક કરવાના કષ્ટોને વિશેષે કરી સહન કરે છે–પામે છે, અનુભવે છે. ત્યારપછી પ્રેમ ઉત્પન્ન થતાં તે પ્રેમનો અવિચ્છેદ એટલે સ્થિરતા કરવામાં–તેના મનની અનુકૂળતાએ વર્તવામાં ઘણા દુઃખોને સહન કરે છે કેમકે પ્રતિકૂળ વર્તનથી પ્રેમના ભંગનો સંભવ રહે છે. અને ત્યારપછી તે પ્રેમનો વિયોગ મરણાદિકને લીધે થાય ત્યારે કઠોર મનવાળો થઇને તે પ્રાણી ઘણા સંતાપને લીધે કુંભારની ભઠ્ઠીમાં નાંખેલા ઘડાની જેમ આ જન્મમાં સંતાપ સંબંધી દુઃખો પામે છે. અને પ્રાંતે તેના વિપાકથી–પ્રેમના પરિણામે બાંધેલા કર્મ ઉદય આવે ત્યારે તે કર્મોદયથી ભવાંતરમાં પણ નરકાદિકના દુઃખો સહન કરે છે–પામે છે.

### આ સંસારમાં મોહરાજાની રણભૂમિ છે.

"આ ભવરૂપી રણભૂમિને વિષે સ્ત્રીઓની દષ્ટિ-કટાક્ષરૂપ બાણોએ કરીને ધર્મરૂપી સૈન્ય હણાયું છે તેથી કરીને એ ભવરૂપી રણભૂમિમાં ઘણા રાગરૂપી રુધિરવડે હૃદયરૂપી પ્રદેશો લિપ્ત થયા છે, તથા સેંકડો વ્યસનોરૂપી ક્રૂર ગૃધ્ર પક્ષીઓ મસ્તક પર ઊડે છે. તેથી કરીને ખરેખર આ ભવ કહેતા સંસાર મહા મોહ રાજાની રણભૂમિ જ છે"

**વિવેચન**—આ સંસાર ખરેખર હમણા કહેવામાં આવશે એવા સદશપણાને લીધે આ દશ્યમાન યુદ્ધના લક્ષણવાળી મિથ્યાત્વ અને વિષયકષાયાદિરૂપ મહામોહનીય કર્મની એટલે મોહ પૃથ્વીપતિની યુદ્ધ કરવાની ભૂમિ છે. મોહને વશ કામદેવનું જ મુખ્યપણું હોવાથી તેને જ અનુસારે વર્ણન કરે છે. હરણ સરખા નેત્રવાળી સ્ત્રીઓની દષ્ટિરૂપી બાણોએ કરીને આ ભવરૂપી રણભૂમિને વિષે બ્રહ્મવ્રતાદિક ધર્મના કટકને–પરસૈન્યને જય કરવામાં હેતુભૂત શુભ ભાવનાદિ સૈન્યને હણી નાંખ્યુ છે–મૂળ રહિત નાશ પમાડયું છે. તેથી ઘણા રાગરૂપી રુધિરે કરીને એટલે સ્ત્રી વિગેરેની આસક્તિના પરિણામરૂપ રુધિરવડે કરીને મનના પ્રદેશો અત્યંત લિપ્ત થયેલા છે. એટલે રાગ-રૂપી રુધિરના પ્રવાહવડે પરિપૂર્ણ થયા છે, ખરડાઇ ગયા છે અને સેંકડો કષ્ટરૂપી ક્રૂર સ્વભાવવાળા ગૃધ્ર પક્ષીઓ મસ્તક પર ભ્રમણ કરે છે માટે ખરેખર આ ભવ મોહરાજાની રણભૂમિ જ છે.

### આ સંસારમાં રહેલા પ્રાણીયોનું અપૂર્વ ગ્રહિલપણું છે.

"આ સંસારમાં મોહના અપૂર્વ ઉન્માદને પામેલા પ્રાણીઓ પરાધીનપણે ક્ષણવાર હસે છે, ક્ષણવાર ક્રીડા કરે છે, ક્ષણવાર ઘણો ખેદ પામે છે, ક્ષણવાર રુદન કરે છે, ક્ષણવાર આક્રંદ કરે છે. ક્ષણવાર વિવાદ કરે છે, કોઇવાર નાશી જાય છે, કોઇ વખત હર્ષ પામે છે અને કોઇવાર નૃત્ય કરે છે."

**વિવેચન**—આ સંસારમાં પ્રાણીઓ કોઇ કહી ન શકાય તેવા અપૂર્વ મોહના ઉન્માદને પામેલા દેખાય છે. તેઓ શું કરે છે? તે કહે છે. પરાધીન મોહને વશ થયેલા પ્રાણીઓ થોડીવાર હસે છે. એટલે હાસ્યનું નિમિત્ત હોય કે ન હોય તો પણ મુખ, કપોલ અને નેત્રોનો વિકાસ કરે છે, ક્ષણવારમાં કામક્રીડાદિકનો વિનોદ કરે છે, ક્ષણવારમાં બહુ પ્રકારે ખેદ પામે છે એટલે નાના પ્રકારની મન–વાણી અને કાયાની અરતિને લીધે દીનતા પામે છે, ક્ષણવાર રુદન કરે છે, ક્ષણવાર આક્રંદ કરે છે એટલે નિરંતર અશ્રુપાત કરીને મોટા શબ્દથી પોકાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે, ક્ષણવાર ધનાદિકના કારણે વિવાદ-કજીયા કરે છે, કોઇ વાર ભય પામીને આમતેમ નાશી જાય છે, ક્ષણવાર હર્ષિત થાય છે અને ક્ષણવાર નૃત્ય-નાટક કરે છે. આ પ્રમાણે ચેષ્ટા કરતા પ્રાણીઓ શું ગ્રહીલ ન કહેવાય ? અર્થાત્ કહેવાય જ.

## આ ભવ તત્ત્વદૃષ્ટિવાળા મનુષ્યોના હૃદયને દાહકારક લાગે છે.

" અપૂર્ણ વિદ્યાની જેમ, પ્રગટ જાણેલી ખલ પુરુષની મિત્રાઇની જેમ, સભામાં અન્યાયની પરંપરાની જેમ, વિધવા સ્ત્રીના યૌવનની જેમ અને અકુશળ પતિને વિષે મૃગાક્ષીની સ્નેહલહરીની જેમ આ ભવક્રીડારૂપી લજ્જા તત્ત્વદૃષ્ટિવાળા પુરુષોના હૃદયને બાળે છે. "

**વિવેચન**—તત્ત્વ એટલે વસ્તુના પરમાર્થને વિષે દૃષ્ટિવાળા પુરુષોના મનને સંસારને વિષે કરેલી ક્રીડાઓ એટલે જળાશયાદિકમાં સ્ત્રીઓની સાથે કરેલી વિનોદની ચેષ્ટાઓ તેથી ઉત્પન્ન થયેલી લજ્જા દાહકારક થાય છે-ખેદયુક્ત કરે છે. કોની જેમ ? તે કહે છે-અપૂર્ણ ભણેલી વિદ્યા જેમ પંડિતોની સભામાં દાહકારક થાય છે એટલે કે-વાદીથી પરાજય પામેલો પુરુષ સંતાપ યુક્ત થઇને વિચારે છે કે " મને ધિક્કાર છે મેં આ શું કર્યું કે જેથી તે વખતે પૂર્ણ અભ્યાસ ન કર્યો " એ જ પ્રમાણે સંસારના વિલાસો પણ વૃદ્ધાવસ્થામાં અગર વૈરાગ્ય પ્રાપ્ત થાય ત્યારે સંતાપ આપનારા થાય છે. તથા સ્પષ્ટપણે જાણેલા ખળ-માયાવી પુરુષની મૈત્રીની જેમ એટલે કે જેમ મિત્રની ખલતા જણાયેથી ખેદ થાય છે, તેમ ભવક્રીડાનું નિર્ગુણપણું જાણવાથી સંતાપ થાય છે. તથા સત્પુરુષોની સભામાં નિંદવા લાયક ન્યાયના પરંપરાની જેમ એટલે કે જેમ સજ્જનની સભામાં અન્યાય થવાથી મનમાં સંતાપ થાય છે, તેમ અન્યાયરૂપ ભવક્રીડા પણ સંતાપકારક થાય છે. તથા વિધવા સ્ત્રીના યૌવનની જેમ એટલે જેમ વિધવા સ્ત્રીની યુવાવસ્થા પ્રતિક્ષણે સંતાપકારક થાય છે તેમ ભવક્રીડા પણ સંતાપકારક થાય છે. તથા અનિપુણ-મૂર્ખ પતિને વિષે નિપુણ સ્ત્રીના પ્રેમકટાક્ષો નિષ્ફળ જવાથી દાહકારક થાય છે, તેમ નિષ્ફળ એવી ભવક્રીડા પણ તત્ત્વવેત્તાઓના હૃદયને દાહકારી થાય છે.

## સંસારના સર્વ સંબંધો મિથ્યા છે.

" જેમ પ્રભાતકાળ થયેથી સ્વપ્નની રચના નિષ્ફળ થાય છે અથવા તિમિર જાતિના નેત્રવ્યાધિનો નાશ થયેથી નિર્મળ દૃષ્ટિવાળાને બે ચંદ્રનું જ્ઞાન મિથ્યા ભાસે છે, તેમ તત્ત્વનો વિષય જાણવાથી જેમના વિકલ્પો શાન્ત થઇને સ્થિર બુદ્ધિ થયેલી છે, તેવા સાધુઓને આ સંસાર મિથ્યારૂપ ભાસે છે. "

**વિવેચન**—હે ભવ્ય પ્રાણી ! આત્માદિકના પારમાર્થિક તત્ત્વનો વિષય યથાર્થપણે જાણવાથી જેમના મમતા સબંધી સંકલ્પવિકલ્પો શાન્ત થયા છે અને તેથી કરીને જ આત્મરમણને વિષે જેમની નિશ્ચળ બુદ્ધિ થઇ છે એવા સાધુઓને મોક્ષ સાધનમાં જ એકનિષ્ઠાવાળા મુનિ જનોને આ સંસાર મિથ્યારૂપ ભાસે છે. કેવી રીતે ? તે કહે છે-જેમ સૂર્યોદયવડે પ્રભાતકાળ થયેલી સ્વપ્નવાળી નિદ્રાની કલ્પના એટલે સ્વપ્નમાં દીઠેલા પદાર્થોના દર્શનવાળી બુદ્ધિ મિથ્યા ભાસે છે, અથવા તિમિર નામનો નેત્રરોગ નષ્ટ થવાથી જેમના નેત્રો નિર્મળ થયા છે એવા મનુષ્યોને બે ચંદ્રનું જ્ઞાન-આકાશમાં બે ચંદ્ર જોવારૂપ ભ્રાંતિજ્ઞાન અસત્-મિથ્યા ભાસે છે, તેમ આ સંસારનું સ્વરૂપ પારમાર્થિક તત્ત્વના વિષયને જાણવાવાળા એવા મુનિઓને અસત્-મિથ્યા ભાસે છે; કેમકે સર્વ સંબંધો કર્મથી જ ઉત્પન્ન થાય છે; પરમાર્થે તો સંબંધ છે જ નહિ.

## સાંસારિક સુખની નિંદ્યતા.

આ સંસારમાં જે સુખ છે તે પરાધીન છે, ક્ષણિક વિષયોની ઇચ્છાના સમૂહથી મલિન અને ભીતિદાયક છે, તો પણ તેમાં કુબુદ્ધિવાળો પ્રાણી આનંદ માને છે પરંતુ પંડિત પુરુષ તો સ્વાધીન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવિનાશી ઇંદ્રિયોની ઉત્સુકતા રહિત અને ભય રહિત એવા અધ્યાત્મ સુખને વિષે જ મગ્ન રહે છે.

### ઉપસંહાર.

તે કારણ માટે નિપુણ બુદ્ધિવાળા પંડિતો આ ભવસ્વરૂપ ચિંતનને શમસુખના કારણરૂપ તથા ત્રણ જગતને અભયદાન દેવારૂપ કહે છે કે જે ભવસ્વરૂપનું ધ્યાન સ્થિર થવાથી જિનાગમના તત્ત્વોની સ્થિતિને જાણનાર પુરુષોને ચંદ્રના કિરણો તથા કર્પૂરની જેવી નિર્મળ યશરૂપી લક્ષ્મી અથવા મોક્ષલક્ષ્મી વૃદ્ધિ પામે છે.

---

## શ્રમણ ભગવાન મહાવીર દેવ.

લેખક:-મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

શ્રમણ ભગવાન મહાવીર દેવે અઢી હજાર વર્ષ પૂર્વે પવિત્રતમ ભારતભૂમિ ઉપર વિચરી અનેક ભવ્ય આત્માઓને મોક્ષનો માર્ગ બતાવ્યો છે. દેશમાં હિંસાનું સામ્રાજ્ય નાબૂદ કરી, અહિંસા, સત્ય, દયા વગેરે સદ્ગુણોનું સામ્રાજ્ય સ્થાપી માનવીઓને માનવતા શીખવાડી દેવરૂપ બનાવ્યાં છે. યજ્ઞમાં થતી હિંસા દૂર કરી યજ્ઞનું સાચું સ્વરૂપ સમજાવી "અહિંસા પરમો ધર્મ" એ સૂત્રને સર્વમાન્ય બનાવેલ ભગવાન મહાવીરે પોતાના પૂર્વજન્મના સત્તાવીશ ભવોમાં શ્રેષ્ઠતા અને સત્તાની મદાંધતાના પરિણામો કેવાં હોય છે તે સમજાવ્યાં. ઉન્નતિને શિખરે ચડેલા આત્માનું અધઃપતન કેવી રીતે થાય છે અને ફરી ઉન્નતિના શિખરે ચડી, આત્મશ્રેય કેમ કરે છે વગેરે જીવન આદર્શો જણાવેલા છે. નયસારના ભવમાં ક્ષણવાર સાધુજનોની સંગતિ થવાથી ધર્મની ઓળખાણ થવા સાથે સામાન્યરીતે તેનું આચરણ કરતાં શ્રેષ્ઠતાને પામ્યા. સ્વર્ગીય જીવન વિતાવી મરીચીનાં જન્મમાં જ્ઞાન, વૈરાગ્ય મેળવવા છતાં સંયમ સ્વીકારી તેમાં દુર્બળતા ભળતાં કલ્પનાઓ પ્રમાણે જીવન બનાવવાથી તેના સંસ્કારો અનેક જન્મમાં બીજા માર્ગે લઇ જવાના કેવા પ્રયત્નો થયા છે-આ વસ્તુ દરેકને વિચારવા યોગ્ય છે. ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં સત્તાની મદાંધતાથી નરક યાતના અને છેવટે કાનમાં શીશું રેડાવ્યાથી કાનમાં ખીલા નખાવ્યાનાં દુઃખો પ્રાપ્ત કર્યાં. પચીસમા ભવમાં નંદન રાજકુમારના જન્મમાં બાલ્યકાળથી ધર્મને ઓળખી રાજ્ય પ્રાપ્ત થવા છતાં નશ્વર વૈભવને છોડી, ત્યાગધર્મ સ્વીકારી, વીશ સ્થાનક તપની આરાધના કરી આત્માને વિશુદ્ધ બનાવવા અથાગ પ્રયત્ન કર્યો.

અનેક માસક્ષમણ અને છઠ્ઠ, અઠ્ઠમ આદિ અપૂર્વ તપશ્ચર્યા કરવા સાથે વૈયાવચ્ચ ( સેવા ) મુખ્યતયા સ્વીકારી, તેમાં સમભાવી બની, છેલ્લા સાઠ દિવસનું અનશન વ્રત કરી સુન્દર ભાવના ભાવીને દસમા પ્રાણત દેવલોકના પુષ્પોત્તર વિમાનમાં મહર્દ્ધિક દેવ થયા. ત્યાં પણ જિનેશ્વરોની ભક્તિ-પૂજા અને તત્ત્વચિંતન કરી દૈવી જીવન વિતાવી ક્ષત્રિયકુંડ નગરમાં સિદ્ધાર્થ રાજાની રાણી ત્રિશલા દેવીની રત્નકુક્ષિથી જન્મ થયો. તે પવિત્ર દિવસ ચૈત્ર સુદિ તેરશની મધ્યરાત્રિનો સમય હતો. સર્વત્ર જગતમાં શાંતિનું સામ્રાજ્ય અકસ્માત્ રીતે પ્રસર્યું હતું. દરેક માનવીઓમાં પ્રેમ છલોછલ ઉભરાતો હતો. છએ ઋતુઓ સમકાલે ખીલી હતી. જનપદમાં સર્વત્ર સુકાળ હતો. દિશાઓ નિર્મળ હતી. પક્ષીઓનાં શુભ શુકનોનો ખ્યાલ આવતો હતો. પ્રભુજન્મની ખબર દેવેન્દ્રોને પડી. પ્રભુને મેરુશિખર ઉપર લઇ જઇ એક લાખ સાઠ હજાર કળશોવડે અભિષેક કર્યો. તે વખતે સૌધર્મેન્દ્રને શંકા ઉત્પન્ન થઇ કે આટલું પાણી બાલપ્રભુ કેવી રીતે સહન કરશે ? ત્રણ જ્ઞાન સંયુક્ત ભગવાને જમણા અંગૂઠાથી મેરુને સ્પર્શતાં પર્વતો ડોલવા લાગ્યા. સાગરો ઉછળવા માંડ્યા. પૃથ્વીનો પ્રલય થાય તેવા અવાજો થતાં ઇન્દ્રે જ્ઞાનથી જોયું ત્યારે તો ભગવાન શંકા નિવારણાર્થે લીલા કરી રહ્યા છે. ભગવાનની ક્ષમા યાચી ઇન્દ્ર હર્ષિત થયો. પ્રભુનો આદેશ હતો કે-સર્વ આત્માઓમાં અનંત શક્તિ રહેલી છે. કર્મરજથી ઢંકાયેલી શક્તિને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકસાવવા પ્રયત્ન કરનાર મનુષ્ય અનંત બળને પ્રગટ કરે છે. જગતના નાશ માટે નહિં પરંતુ સ્વકલ્યાણ અને જગતના કલ્યાણ માટે શક્તિનો સદુપયોગ હોવો જોઇએ. શક્તિને વેડફી નાખનાર નિર્બળમાં નિર્બળ બને છે. પ્રભુને માતાની પાસે મૂકયા પછી રાજા સિદ્ધાર્થને ભગવાનના જન્મની ખબર પડતાં હર્ષિત થાય છે. જોતજોતામાં આખા શહેરમાં અને જનપદમાં હર્ષનું મોજું પ્રસરે છે. દરેક માનવીઓ મહોત્સવ ઉજવે છે. કુમારનું નામ **વર્દ્ધમાનકુમાર** તરીકે રાજા સિદ્ધાર્થ જાહેર કરે છે. બાલ્યજીવનમાં સરખી વયનાં કુમારો સાથે આમલકી ક્રીડા કરતાં દેવ પરાભવ કરવા ઇચ્છે છે. જ્ઞાનવાન પ્રભુએ દેવનો પરાભવ કરવાથી દેવો **મહાવીર** તરીકે પ્રસિદ્ધ કરે છે. અપૂર્વ વિનય, વિવેક આદિ ગુણોથી **વર્ધમાનકુમાર** સર્વને પ્રિય થઇ પડે છે. માતા, પિતા, જયેષ્ઠ બંધુ અને ગુરુજનો તરફ સદ્ભાવનાથી વર્તે છે. ગૃહસ્થજીવન શ્રેષ્ઠ રીતે વ્યતીત કરતાં આંતરિક તપ અને ત્યાગની ભાવનાને નિરંતર વૃદ્ધિ કરતા હોય છે. ત્રીશ વર્ષ ગૃહસ્થદશામાં નિર્લેપભાવે વ્યતીત કરી જગતને ધન વૈભવ વહેંચી દઇ, વર્ષીદાન આપી, અપૂર્વ મહોત્સવપૂર્વક દીક્ષા અંગીકાર કરે છે. સર્વ સાથેના સંસાર સંબંધો છોડી, રાગદ્વેષ ત્યજી, સાચા સંયમી બને છે. ઉગ્ર તપશ્ચર્યા આદરી અનેક ઉપસર્ગ અને પરિષહો શાન્તભાવે સહન કરે છે. અને કષ્ટ સમતાપૂર્વક સહી આત્મધ્યાનમાં પ્રભુ મસ્ત રહે છે. ભગવાન પરમ કરુણાવારિધિ હતા. મહાભયંકર સ્થિતિમાં આવી પડેલ ચંડકોશીક ભયંકર સર્પને પ્રબોધવા ભગવાન ત્યાં જઇ તેના વલ્મિક ( રાફડા ) પાસે ધ્યાનસ્થ રહ્યા. ચંડકોશીકે વિષની જ્વાલા ફેંકી. ભગવાન અડગ રહ્યા. પછી ભગવાનને ચરણે દંશ દઇ રુધિરના સ્થાને દુગ્ધની ધારા નિહાળતાં સર્પ વિસ્મય પામ્યો અને સ્થિર થયો. તે સમયે ભગવાને કહ્યું કે ' હે ચંડકોશિક, બોધ પામ. કેમ બોધ પામતો નથી ? સાધુમાંથી તાપસ અને ત્યાર પછી આવી અવસ્થામાં સર્પયોનિમાં તું અવતર્યો છે. ' તે શબ્દોએ જાતિસ્મૃતિ ઉપાર્જિત કરી, નિજ ભવની વિષમતા પોતે જ ક્રોધવશ કરી છે. પ્રાયશ્ચિત્ત લઇ દુઃખને સમાન ભાવે સહન કરી સ્વર્ગે સીધાવ્યો. ભગવાન ન પધાર્યા હોત તો તે સર્પનું શું થાત ?

ભગવાન દુઃખ સહન કરીને સર્વ જીવને સુખ અર્પે છે. શુભ શુકલધ્યાનમાં આગળ પ્રયાણ કરતાં ઘાતિકર્મ ખપાવી કેવલજ્ઞાન, કેવલદર્શન પ્રાપ્ત કરી જગતને સદ્બોધ અર્પે છે. ગૌતમાદિ ગણધરોને દીક્ષા આપી સન્માર્ગ દર્શાવવા ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, અનેક શ્રીમંતો, રાજા, મહારાજાઓ આદિને ત્યાગધર્મ આપી સર્વત્ર અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપ પંચમહાવ્રતોનું પાલન અને ઉપદેશ આપવા પ્રયત્ન થતાં દરેક દેશના લોકો ધર્મ સ્વીકારવા તત્પર બન્યા. કોઇએ સમ્યકૃત્વ સ્વીકાર્યું તો કોઈએ શ્રાવકોનાં બાર વ્રતો સ્વીકાર્યાં. મહાસમર્થ ધીરપુરુષોએ પંચ મહાવ્રતો સ્વીકાર્યાં, મોક્ષમાર્ગે સર્વ કોઇએ પોતાની શક્તિ પ્રમાણે પહોંચવા પ્રયત્ન કર્યો. ભગવાનના અમૂલ્ય વચનામૃતો આજે પણ આગમ ગ્રંથો તરીકે પ્રસિદ્ધ છે. ખરેખર ભવ્ય આત્માઓ માટે આગમ ગ્રન્થો અમૃતરૂપ છે. ભવ્યજનો, વૈર, વિરોધ, ક્રોધ, કષાયનો ત્યાગ કરનાર ભગવાનના શાસનની શીતળ છાયા પામી શકે છે. આત્મકલ્યાણ કરી શકે છે. ભગવાનને બહોંતેર વર્ષનું સર્વ આયુષ્ય પૂરું કરી અપાપા નગરીમાં કાર્તિક વદી અમાવાસ્યાએ નિર્વાણ પ્રાપ્ત કર્યું અને મહાસુખ પામ્યા. શ્રેણિક, કોણિક, ઉદાયન, પ્રસન્નચંદ્ર વગેરે રાજાઓ ઉપદેશ સાંભળી નિજ કલ્યાણ સાધવા ભાગીદાર બન્યા. ભગવાનના ભકતજનોએ ભાવિ ચોવીસીમાં તીર્થંકરપણાની પ્રાપ્તિની યોગ્યતા મેળવી છે, સુલસા અને રેવતી શ્રાવિકાએ પણ અટલ શ્રદ્ધાપૂર્વક શાસનસેવા સ્વીકારી તીર્થંકરપણાની યોગ્યતા મેળવી છે.

ભગવાનનો ઉપદેશ હતો કે–સર્વ જીવો સાથે આત્મભાવ કેળવો. કોઇ કોઈનો શત્રુ નથી. શત્રુ માત્ર હોય તો પોતાના બાંધેલા કર્મો છે. કર્મોને જીતવા માટે ઇન્દ્રિયનિગ્રહ અને મનસંયમ સાધનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આત્મજ્ઞાન અને આત્મશુદ્ધિથી આત્મા નિર્મળ બને છે અને મોક્ષ પ્રાપ્ત કરે છે. ભગવાનના શાસનને મહાભાગ્યયોગે પામ્યા છીએ તો સર્વધર્માશિધક આત્માઓને મદદરૂપ બનીએ, કલેશ, કષાયો દૂર કરીને આત્મસમાધિ મેળવીએ તો જ આપણું જીવન સાર્થક છે. તેમજ ભગવાન મહાવીરના સાચા અનુયાયી બનવાને આપણે લાયક છીએ. જન્મોજન્મ ભગવાનનું પવિત્ર શાસન પ્રાપ્ત થાય અને ભગવાનના વચનામૃતોનું સધ્ધ્યાન પ્રાપ્ત થાય, એ જ અભિલાષા.

**सुरेन्द्रे च पन्नगे च, कौशिके पादसंस्पृशि ।**
**निर्विशेषमनस्काय, श्रीवीरस्वामिने नमः ।।**

---

# આધ્યાત્મિક ઉન્નતિનો આધાર

અનુ૦ **'અભ્યાસી'**

સંસારમાં ભાગ્યે જ કોઇ એવો પુરુષ હશે કે જે સુખ નહિ ઇચ્છતો હોય. એમ હોવા છતાં પણ આપણામાંથી ગણ્યાગાંઠયા માણસો એવા મળશે કે જેઓને ખરેખરા સુખી કહી શકાય. સૌ માણસો વધારેમાં વધારે પરિશ્રમ કરે છે, પરંતુ ઘણે ભાગે તો સોએ પચાસ માણસોની સન્મુખ સવાર અને સાંજના ભોજનની સમસ્યા ગંભીરરૂપે ઊભેલી હોય છે, પરસ્પર વૈરવિરોધનું તો પૂછવું જ નહિ. કોઇ કોઇનો વિશ્વાસ નથી કરતું. પુત્રનો માતા પિતા પ્રત્યે, નોકરનો શેઠ પ્રત્યે, સ્ત્રીનો પુરુષ પ્રત્યે ઉપેક્ષા ભાવ જોવામાં આવે છે. માનવ સમાજ ઘૃણાના રોગથી ખરાબ રીતે પીડાઇ રહેલો જોવામાં આવે છે. સર્વત્ર દુઃખનો જ પ્રસાર થઇ રહેલો છે. કોઇ પણ સ્થળે શાંતિ જોવામાં નથી આવતી. સૌજન્ય, સહાનુભૂતિ, ત્યાગ અને સત્યના દર્શન પણ દુર્લભ થઇ પડ્યા છે. માનવ-મસ્તિષ્કની જેટલી બુરાઇઓ કોઇ જોવા ચાહતું હોય તો તે પોતાની અંદર જ જોઇ લે, અથવા ઘરની બહાર નીકળતાં સર્વત્ર જોઇ શકાશે.

હવે પ્રશ્ન એ ઉઠે છે કે અમારી આવી દુર્દશા શામાટે છે? શું આપણે એ બુરાઇઓના પ્રેમી છીએ? શું આપણે નથી જાણતા કે એ ભયંકર પરિસ્થિતિથી સંસારને કયી રીતે મુક્ત કરી શકાય? એમાં તો કશી શંકા જ નથી કે આપણે આપણી દુર્દશાથી પૂરેપૂરા પરિચિત છીએ અને તેનાથી મુક્ત થવા ઇચ્છીએ છીએ. એના મુક્ત થવાના ઉપાયોથી પણ આપણે અજાણ્યા નથી. દર્શન તેમજ ઉપનિષદ્દના ગ્રંથોમાં તેના ઉપાયોનો જ ઉલ્લેખ મળી રહે છે; પરંતુ એમ છતાં પણ આપણે કૂવાના દેડકાની માફક આચરણ કરીએ છીએ, જે કદિ કોઇ પાત્રમાં પડીને બહાર તો ચાલ્યો આવે છે પણ બહારના પ્રકાશને મૂર્ખાઇને લઇને દુઃખમય જાણીને ફરી વાર તે જ કૂવામાં કૂદી જાય છે. આપણે બધાં સારાં સાધનો જાણીએ છીએ, કિન્તુ તેનો ઉપયોગ આપણે એટલા માટે જ નથી કરતા કે આપણને વિશ્વાસ નથી હોતો કે તે સાધનો ખરી રીતે આપણાં કલ્યાણ માટે જ છે.

આપણામાં કેટલાક લોકો દર્શનશાસ્ત્રના પ્રખર પંડિત હોય છે, પરંતુ તેઓનું આચરણ સાધારણ મનુષ્યો જેવું જ હોય છે. તેઓ ધન અને વિષયવાસના લિપ્ત હોય છે. તેઓની સાથે કોઇ વાતચીત કરે તો ગીતા, ઉપનિષદ્દ અને પુરાણોના શ્લોક ધડાધડ બોલવા માંડે છે. તેઓનું જ્ઞાન તેઓના આચરણો ઉપર જરા પણ પ્રભાવ પાડતું હોત તો તેઓ મહાપુરુષ બની જાત; પરંતુ શરમની વાત છે કે સન્માર્ગ જાણતા છતાં પણ તેના પર આજકાલના વાચનિક જ્ઞાની ચાલતા નથી. એ જ સ્થિતિ સાધારણ માણસોની પણ છે. આનું પરિણામ એ આવે છે કે આપણે ઊંચે જવાને બદલે હમેશાં નીચે પડતા જઇએ છીએ. આપણને વિશ્વાસ નથી હોતો કે આપણા સદ્દગ્રંથોમાં જે માર્ગોનો આદેશ કરવામાં આવ્યો છે તે વસ્તુતઃ આપણને સુખ આપી શકે છે. સંસારના મહાપુરુષોમાં પણ આપણા જેવો જ અવિશ્વાસ હોય છે. મહાવીર, રામ કે કૃષ્ણની શિક્ષાઓ કે આદર્શો પર ચાલનાર આપણામાંથી કદાચિત્ કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હશે. આજ પણ જુદા જુદા મહાવીર, રામ અને કૃષ્ણની પૂજા કરે છે, કોઇ મહાન સાધુ કે સંન્યાસીની સામે નતમસ્તક બની જઇએ છીએ અને તેઓનો આદરસત્કાર કરીએ છીએ, પરંતુ તેમનો આદર-સત્કાર આપણે ત્યાં સુધી જ કરીએ છીએ જ્યાં સુધી આપણે તેની પાસે રહીએ છીએ. તેઓની નજરથી દૂર જઇએ છીએ કે તરત જ આપણે પહેલાંની માફક પડી જઇએ છીએ. આવી સ્થિતિમાં આપણે ક્ષણિક શ્રદ્ધાને બદલે શાશ્વત શ્રદ્ધા રાખીને આપણું જીવન મહાપુરુષોના જીવન જેવું બનાવવા યત્ન કરવો જોઇએ, એ જ મનુષ્યત્વનું પ્રથમ લક્ષણ છે. ઊંચે જવા માટે મહાપુરુષોમાં શ્રદ્ધા રાખવી એ પહેલી સીડી પર ચઢી જવા જેવું છે. એ પછી તો પાછા હઠવાનું મન જ નહિ થાય.

આપણે સૌ કહીએ છીએ કે આપણે મનુષ્ય છીએ, હિંદુ છીએ, બ્રાહ્મણ છીએ અથવા ક્ષત્રિય છીએ; પરંતુ ખરી રીતે આપણામાં એવો એક ગુણ નથી કે જેને આધારે આપણે આપણી જાતને મનુષ્ય પણ કહી શકીએ. નકામા આપણે આપણી જાતને હિન્દુ અને બ્રાહ્મણ વગેરે નામવડે ઓળખાવીએ છીએ. કોઇપણ ધર્મના અનુયાયી બન્યા પહેલાં આપણે પોતે મનુષ્ય બનવાની પહેલી જરૂર છે. મનુષ્યતાનો આધાર સત્ય અને સહાનુભૂતિ પર છે. જેનામાં સત્ય અને સહાનુભૂતિ હોય છે તે જરૂર મનુષ્ય કહેવડાવવાને લાયક છે. જો તેનામાં તે બે રત્નો નથી ચમકતા હોતા તો તે મનુષ્ય નથી.

સત્યના અભાવમાં જ માનવ-સમાજનું આવું વિકૃત સ્વરૂપ થઇ ગયું છે. જેટલા લડાઇ, ઝગડા, કલહ-કંકાસ અને વૈમનસ્ય મનુષ્ય સમાજમાં જોવામાં આવે છે તેનું મૂળ કારણ અસત્ય જ છે. અહિંયા સત્યનું વ્યાપક રૂપ સમજવાનું નથી, કેમકે સત્યના વ્યાપક રૂપમાં તો માનવીય ઉન્નતિનું નિઃશેષ તત્ત્વ જ રહેલું છે. અમે પારસ્પરિક વ્યવહારના સત્યની વાત કરીએ છીએ. આપણે જેવા છીએ એવા જ આપણી જાતને બહારથી પણ દેખાડવાની ચેષ્ટા કરવી જોઇએ. બાહ્યાડમ્બરથી આપણે બીજાને છેતરીને આપણા આત્માને પણ કલુષિત કરીએ છીએ. જે વાત હૃદયમાં હોય તે જ મુખથી પણ નીકળવી જોઇએ. એ રીતે સત્યનું આચરણ કરનાર મનુષ્ય પોતાનો ઉત્સાહ વધારે છે અને પોતાના સહવાસીઓ પર પણ પરમ ઉપકાર કરે છે. આપણે પરમાત્માને હમેશા વિનતિ કરવી જોઇએ કે તે આપણને હમેશાં સત્યનું જ દર્શન કરાવે.

સહાનુભૂતિનો સિદ્ધાન્ત સત્યની માફક મનુષ્યતાનો પરિચાયક છે. જે પુરુષમાં સહાનુભૂતિ હોય છે તેના વ્યવહારમાં ઘૃણા કે ક્રોધનું સ્થાન નહિ હોય. આધુનિક યુગમાં મનુષ્ય પોતાને બીજાથી અલગ સમજવા લાગ્યો છે. તેના મનમાં સ્વાર્થની ભાવના જ પ્રધાન-રૂપે કાર્ય કરી રહી છે. પરિણામ એ થયું છે કે તે બીજાના સુખદુઃખના વિચાર કરવાને બદલે પોતાનો સ્વાર્થ આરાધવાની ચેષ્ટા કરે છે. તે સ્વાર્થ સાધન માટે તેને બીજાને નુકસાન કરવું પડે છે. બીજાને તે પોતાના શત્રુ માની લે છે; પણ તે ખોટા માર્ગે છે. મનુષ્યે પોતાની જાતને બીજાથી ભિન્ન નહિ સમજવી જોઇએ. જેનો સ્વાર્થ પણ પરમાર્થ છે તે જ પુરુષ ખરેખર 'પુરુષ' નામને સાર્થક કરે છે. આપણે સૌ એક જ પરમાત્માના અંશરૂપ છીએ. એ જ ભાવના આપણે હંમેશાં આપણા હૃદયમાં રાખવી જોઇએ. એ ભાવના પ્રત્યેક મનુષ્યને એવો લાયક બનાવી દેશે કે તે બીજાને સુખ આપી શકે. જેવી રીતે ફૂલ કોઇના પાસેથી કશું લેવું નથી પણ સૌને સરખો આનંદ આપે છે તેવી રીતે સજ્જન પોતાના સદાચારથી સૌ કોઇને પ્રસન્ન કરે છે. કોઇ માણસને રોટી ન મળતી હોય તો એમાં હું શું કરી શકું? એમ કરીને એ વાત ટાળી ન નાખવી જોઇએ. બીજાની મુશ્કેલીઓ પોતાની જ છે એમ સમજવું જોઇએ. એવી દયા કેવળ મનુષ્યો પ્રત્યે જ નહિ પણ પ્રાણીમાત્ર પ્રત્યે હોવી જોઇએ. જે ઇશ્વર આપણો છે તે સૌનો પણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આધ્યાત્મિક ઉન્નતિ માટે આપણે શ્રદ્ધાપૂર્વક ઇશ્વરને પ્રાર્થના કરવી જોઇએ કે તે આપણને સન્માર્ગે પ્રવૃત્ત કરે. આપણે સઘળી શક્તિઓ પરમાત્માને જ અર્પણ કરી દેવી એ સૌથી મહાન સરસ બાબત છે. આપણે જે કાંઇ કરીએ તે ઇશ્વરનું કાર્ય સમજીને જ કરીએ. એવી સ્થિતિમાં આપણે એક પણ ખરાબ કે હલકું કાર્ય નહિ કરી શકીએ. આપણે એટલું સમજી લેશું તો આપણી આધ્યાત્મિક ઉન્નતિ થતી રહેશે અને આપણે સંસારના સુખ તેમજ શાંતિનું કારણ બની શકશું. ઇત્યલમ્

# મદનો શિકાર

## समयं मा पमाए.

## ( ૨ )

અધિકાર મહત્તાસૂચક હોવા છતાં એનો આટોપ અસ્થાને છે. પદવીની પ્રાપ્તિ પૂર્વની પુન્યાઇ બતાવતી હોવા છતાં એ માટેનો ગર્વ નકામો છે. ગોત્ર કર્મ બે પ્રકારનું: ઉચ્ચ અને નીચ–એવા ભેદવાળું છતાં એ અભિમાન કરવા માટે નથીજ; એ પ્રકારો પાછળ તો કર્મરાજની ઊંડી આંટી–ઘુંટી પાંગરેલી છે. શુભ–અશુભ પ્રવૃત્તિઓ ફળદાયી છે અને એ દ્વારા પુન્ય–પાપનો સંચય થાય છે, એ વાત દીવા જેવી સ્પષ્ટ છે. જ્યાં આ સ્થિતિ હોય ત્યાં કુલિનતાના ઊંચા–હલકા ભેદની અવગણના ન કરી શકાય. કોદરા વાવનાર કોદરા લણે અને ઘઉં વાવનાર ઘઉં મેળવે એ કુદરતી કાનૂન–' વાવે તેવું લણે ' એ જનઉક્તિ સાચી છે. એ ઉપરથી ધડો લેવાની વાત એ છે કે-જગત પરથી ઊંચ–નીચના ભેદ નથી તો ભુંસાઇ જવાના, કે કોઇ સામ્યવાદના નામે એનો પ્રતીકાર કરી એને જડમૂળથી ઉખેડી નાખવાની કમર કસે તો નથી તો એ એમાં સર્વાંશે ફળીભૂત થવાનો—

જ્ઞાની પુરુષોએ–દીર્ઘદર્શી સંતોએ–વિદ્વાન વિચારકોએ એ નિતરું સત્ય અવધારી એક જ લાલબત્તી આમ જનસમૂહના નેત્રો સામે ધરી છે અને તે એ જ કે સુખ આવે ન ફુલાવું–કુલિનતા પ્રાપ્ત થઇ હોય તો એનો ગર્વ ન કરવો. દુઃખ મળે ન હતાશ થવું–ગૌરવહીન દશામાં જન્મ થયો હોય તો એથી મુંઝાવું નહીં. ગુણનું અવલંબન ગ્રહી એ સ્થિતિમાંથી ઉપર આવવા ઉદ્યમશીલ બનવું. સો વાતનો સાર એક જ કે કદીપણ ગર્વ–અભિમાન કે મદ ન કરવો. એ વૃત્તિઓ ' પ્રમાદ ' નામા મહાદૂષણના ફણગારૂપ હોઇ એને ભલભલા મહારથીઓને, અભ્યાસી અને તત્ત્વચિંતકોને ભાન ભુલાવ્યા છે. એક પગથિયું ચૂકનાર મરિચીને સ્વપ્ને પણ ખ્યાલ નહીં હોય કે સામાન્ય વેશ–પરિવર્તન સર્વનાશ નોતરશે. ગુણના પૂજક ભરતરાજે તો ચોકખા શબ્દોમાં વાત મૂકી હતી.

' ઓ મરીચી, નથી તો હું તારા આ ત્રિદંડી વેશને નમતો, કે નથી તો હું તારી વાસુદેવ–ચક્રવર્તીપણાની પદવીઓને મહત્વ આપતો; હું જે કંઇ ભાર મુકું છું એ માત્ર ભાવિતીર્થંકરપણા પરંતુ આ ચોવીશીનો અંતિમ તીર્થપતિ થશે એ પદને હું વંદન કરું છું."

છતાં મરીચિને એ છેલ્લી લીંટીઓ યાદ રહી ? જેની પિતાએ કૂટી બદામની કિંમત ન આંકી એની પર એ મુસ્તાક બન્યો. રાચ્યો, માચ્યો, નાચ્યો, કૂદ્યો અને શાસ્ત્રકાર કહે છે તેમ એ રીતે એવું દારુણ ગોત્રકર્મ ઉપાર્જન કર્યું કે એ ખંખેરતા અતિ લાંબો કાળ ગયો; છતાં એનો અવશેષ રહ્યો જે ખુદ તીર્થંકર ભવમાં ઉદય આવ્યો.

સ્વયં અનુભવથી જ ' **समयं मा पमाए** ' જેવું ટંકશાળી સૂત્ર ભગવાન શ્રી મહાવીર દેવના મુખમાંથી બહાર પડયું છે એમ માનવામાં કંઇ જ ખોટું નથી. મરિચી અને તે પછીના ભવમાં મેળવેલ અનુભવનો એમાં નિચોડ છે.

મરીચીનું મન પિતા એવા ભરતના પ્રથમના શબ્દોથી ઉત્તેજિત ન બન્યું હોત અને અંતિમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શબ્દો પ્રતિ ખેંચાયું હોત તો આવું ભયંકર પરિણામ આવત ખરૂં ?

પણ પ્રમાદે પાથરેલી ઘેન દશામાં એ વાત ન જોવાઇ અને સતત જ્ઞાન-ધ્યાનમાં રક્ત રહેનાર મરિચી એનો શિકાર બન્યો. એ પછીથી સાધુઓની નિશ્રાયે વસનાર મરિચી પગલું ભૂલતો જ જાય છે. એકાદ સમયે શરીર અસ્વસ્થ બને છે. મનમાં થાય છે કે બોધ પમાડી જેમણે દીક્ષાના ભાવ જન્મે છે તેમને હું આ સાધુઓ પાસે મોકલતો હોવા છતાં તેઓ એટલા બેદરકાર છે કે મારી શુશ્રુષા પણ કરતા નથી ! ઉપકારની દૃષ્ટિ સાવ ભૂલી જાય છે !

જો પગલું ન ચુકાયું હોત અને મરિચી સાચા મુનિ જીવનમાં રમણ કરતો હોત તો આવો વિચાર એને હરગીજ ન આવત એ વેળા તે વિચારત કે યતિધર્મના કાનૂન મુજબ સાધુ અમુક હદમાં રહી, સંયમ પંથમાં વિચરનાર આત્માઓની શુશ્રુષા કરે. એથી એ આગળ ન જઇ શકે. સંસારીનો સમાગમ મર્યાદિત જ હોય. ત્યારથી મરિચીએ ગાંઠ વાળી કે સેવા કરનાર એક શિષ્ય બનાવવો. તબિયત સુધરી ગઇ. બોધનું કામ પૂર્વવત્ ચાલુ થયું અને અગાઉનો ક્રમ કાયમ રહ્યો. ચેલો કરવાની સ્મૃતિ ઘડીભર ભૂંસાઇ ગઇ પણ કર્મરાજ ભૂલકણો નહોતો. એણે મરિચીની પીઠ સખ્તાઇથી પકડી હતી. કપિલ નામા એકાદ દલીલદક્ષ શ્રોતાનો યોગ મરિચીને મેળવી આપ્યો. ઉપદેશના અંતે જ્યારે સંયમ લેવાની વાત આવી અને મરિચીએ શ્રી ઋષભદેવના સાધુઓની વસતી તરફ જવાનો અંગુલિનિર્દેશ કર્યો ત્યારે એણે તરત જ સવાલ કર્યો. 'તમારે ત્યાં-તમોએ સ્વીકારેલા આ માર્ગમાં ધર્મ છે જ નહીં ?' કપિલના પ્રશ્નથી મરિચી ઘડીભર મુંઝાયા. સત્યની ઝાંખી થઇ અને કહી દેવું કે 'ધર્મ નથી' એવો વિચાર પણ ઉદ્‌ભવ્યો; ત્યાં તો કર્મરાજનો ઝપાટો લાગ્યો,-માંદગીનો પ્રસંગ યાદ આવ્યો, અને ચેલો કરવાની લાલસા જાગ્રત બની. પ્રમાદે સત્ય સામે પડલ બંધાવ્યા.

કપિલને કેવો ઉત્તર મળ્યો ? તે હવે પછી.

**ચોકસી**

( ચાલુ )

# મેવાડની પરિસ્થિતિ.

લેખક:-**શાસનપ્રેમી.**

આજે આ પત્રદ્વારા જૈનશાસનના હિતસ્વી, સેવાભાવી અને પ્રેમી મહાત્માઓ પાસે મેવાડની પરિસ્થિતિ પહોંચાડું છું. આંખો ખુલ્લી રાખી, હૃદયનાં દ્વાર ખોલી આ લેખ વાંચી કઇંક અમલી કાર્ય થાશે તો મારો પરિશ્રમ સફલ થયો સમજીશ.

મેવાડ પ્રદેશ એક સમયે જૈનપુરી હતો. મેવાડમાં હજારો નહિ બલ્કે લાખોની સંખ્યામાં શ્રમણોપાસકો વસતા હતા. નિરંતર હજારો જિનમંદિરોના ઘંટાનાદથી મેવાડની ભૂમી ગાજતી હતી.

તપાગચ્છના આદ્ય આચાર્ય શ્રી જગચ્ચંદ્રસૂરિજીની મહા તપસ્યા, ઉત્તમ ચારિત્ર અને જ્ઞાનપ્રભાથી આકર્ષીત થઇ મેવાડના મહારાણાએ શ્રી જગચ્ચંદ્રસૂરિજીની '**મહાતપા**' અને '**હીરલા**' નું ગુણનિષ્પન્ન બિરૂદ આપ્યું હતું; ત્યારથી જૈનધર્મના અનુયાયીઓ માટે મેવાડ એક તીર્થભૂમી બન્યું છે. યદ્યપિ આ પહેલાં પણ મેવાડમાં વીતરાગધર્મની નીક વહેતી હતી પરંતુ શ્રી જગચ્ચંદ્રસૂરિજી પછી તો મેવાડમાં વીતરાગ ધર્મની ભાગીરથી વહેતી થઇ હતી. સાથેજ વિદેશી સત્તાએ હિન્દ પર પોતાની સત્તાની જંજીર નાંખવા માંડી ત્યારથી જ મેવાડની ભૂમી તો એ જંજીરનો સદાયે વિરોધ રાખ્યો છે, એટલે રાજ્યના રક્ષણને અંગે પણ મેવાડ જૈનો માટે ઘરરૂપ બન્યું છે. મેવાડના મહારાણાઓએ વીતરાગધર્મનાં અમૃતપાન કરવા સદાયે ઉત્કંઠા રાખી છે. ભગવાન્ મહાવીરદેવની એ અમૃતમયી વાણીનું પાન કરતાં કરતાં એ મહારાણાઓ પણ વીતરાગધર્મના અનુરાગી બનવામાં પોતાનું ગૌરવ સમજતા હતા. કહે છે કે મહારાણા કુંભા તો લગભગ જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતા. મેવાડની રાજ્ય–પરંપરામાં શૈવ ધર્મ ચાલ્યો આવ્યો છે છતાંયે જૈનધર્મ પ્રતિ ભક્તિ, અનુરાગ અને ઉપાસનામાં એ મહારાણાઓ કદી પાછા નથી પડ્યા.

( ચાલુ )

## આ સભાનો ૪૯ મો વાર્ષિક મહોત્સવ.

### અને

# શ્રી ગુરૂદેવ જયંતિ.

આ માસના જેઠ શુદ ૭ રવિવારના રોજ સભાની વર્ષગાંઠ હોવાથી અને તે પચાશમા ( ૫૦ ) વર્ષમાં પ્રવેશ કરતી હોવાથી દર વર્ષ મુજબ સભાના મકાન ( શ્રી ભોગીલાલ લેકચરહોલ ) માં સવારના નવ વાગે પ્રભુ પધરાવી પ્રથમ પ્રાતઃસ્મરણીય ગુરૂદેવ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની સર્વ સભાસદોએ પૂજા કર્યા પછી એક કલાક પછી શ્રી નવપદજી મહારાજ સુંદર રાગ–રાગણિથી પૂજા ભણાવી હતી. અને તે નિમિત્તની તેમજ વોરા હઠીસંગભાઇ ઝવેરચંદના તરફથી આવતી વ્યાજની રકમમાંથી મીઠાઇની પ્રભાવના કરવામાં આવી હતી. બીજે દિવસે જેઠ શુદ ૮ સોમવારના રોજ ગુરૂદેવની સ્વર્ગવાસ તીથી હોવાથી ગુરૂભક્તિ માટે મેળાવડો કરી સંસ્મરણો સાથે ગુણગ્રામ કરી સ્વર્ગવાસ જયંતી ઉજવી હતી.

# વર્તમાન સમાચાર.

### પંજાબ સમાચાર.

### ( અને )

### વયોવૃદ્ધ આચાર્ય મહારાજની ભાવના.

પરમકૃપાળુ આચાર્ય મહારાજ **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજ શ્રી સંઘની વિનંતિથી વૈશાક શુદ ૨ ના રોજ તબીયત બરોબર ન રહેવા છતાં છસેંહ માઇલનો બીકાનેરથી વિહાર કરી લુધીયાના–પંજાબ પધાર્યા હતા. અક્ષય તૃતીયા-( જેઠ સંક્રાન્તિ )ના દિવસે હજારો મનુષ્યોની વચ્ચે વ્યાખ્યાનની શરૂઆતમાં લાઉડસ્પીકરની સામે જોઇ જણાવ્યું કે–આ બનાવટી ચીજ છે, એને ભરોસે કામ નહિં ચાલી શકે, કારણ કે તે તો અધૂરે દગો દે, જેથી આપણી જે અસલી વસ્તુ છે તે જ કામ આવશે. વળી હું એવો વૃદ્ધ નથી થયો કે તમો સૌ શાંતિપૂર્વક સાંભળો તો મારો અવાજ તમારા સમક્ષ ન પહોંચી શકે. આવી તબીયતે વૈશાક શુદ ૭ ના રોજ ઓપરેશન કરાવવું પડયું અને તકલીફ વધી પડતાં ફરવાહરવા જેટલી શક્તિ નહિં રહેવાથી ત્યાં શ્રી સંઘે આવી કહ્યું કે–સખ્ત ગરમી, તબીયત બરાબર નહિં માટે આપ સાહેબ હવે કોઇ ઉપકારિક સ્થળે સ્થિરતા કરો. આચાર્ય મહારાજે શ્રી સંઘને જણાવ્યું કે–અમારે સાધુઓને ગરમી કે શરદી–ટાઢ કે તડકો શું ? પરોપકાર માટે જ આ શરીર છે જેથી આ શરીરથી બની શકે તેટલું બનાવી લેવું. અંતે ક્ષણભંગુર હોવાથી એક દિવસે જવાબ આપવો પડશે જેથી ત્યાંસુધીમાં શાસનના કાર્યો થઇ જાય તેમ કરી લેવા. જ્યાંસુધી આ શરીર સશક્ત છે ત્યાંસુધી એક સ્થળે બેસવાનો નથી. હું સ્વર્ગવાસી ગુરુદેવની અર્ધ શતાબ્દિ ઉજવી, સિલાયકોટના દેરાસરની પ્રતિષ્ઠા કરાવી, શ્રી સિદ્ધાચળ તીર્થની યાત્રા કરવાની ભાવના રાખું છું, અને યાત્રા કરી પાછો પંજાબ આવવાની ઇચ્છા રાખું છું. જ્યાંસુધી હાથ, પગ અને જબાન સાજા છે ત્યાંસુધી આ વલ્લભવિજય વિચરતો જ રહેશે. આ શરીરથી જેટલો કસ લેવાય તેટલો લેવાનો જ છે. ઉપરોક્ત ભાવના અને સાધુજીવનની મહત્વતા, ધર્મોન્નતિની ઝંખના, જૈન સમાજના ઉદ્ધારની ભાવના વગેરે આચાર્ય મહારાજની જાણી માનવમેદનીએ આચાર્ય મહારાજની મુક્ત કંઠ પ્રશંસા કરી અને ઉપકાર માટે આનંદાશ્ચર્ય થયા હતા.

( મળેલું )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## છપાતાં ગુજરાતી ગ્રંથો.

૨ કથારત્નકોષ. ૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.
૩ શ્રી સંઘપતિ ચરિત્ર. ૫ શ્રી મહાવીરદેવના વખતનીમહાદેવીઓ.

જે કે છપાઈ રહેતાં શુમારે બે હજાર પાનાનું સુંદર વાંચન થશે. આવી સખ્ત મોંઘવારી છતાં સભા આ ઉત્તમોતમ સુંદર સાહિત્યના પ્રકાશનનું કાર્ય ઉદ્દેશ પ્રમાણે કરે છે.

નં. ૧-૩ નાં ૫ માં આર્થિક સહાય આપનાર બંધુઓનું જીવનચરિત્ર ફોટા સાથે આપવામાં આવશે.

## શ્રી તપોરત્ન મહોદધિ ( બીજી આવૃત્તિ )

આગમો તથા પૂર્વાચાર્યકૃત ગ્રંથોમાંથી સંશોધન કરી ૧૬૨ તપોના નામ, તેની વિધિવિધાન દરેક તપોની ક્રિયાઓ સહિત તે કેમ કરવો તેની હકીકતો બહુ જ સરલ અને સાદી ભાષામાં સુંદર શાસ્ત્રીય ટાઇપથી પ્રતાકારે ઊંચા કાગળો ઉપર છપાય છે. ફોર્મ ૧૮ શુમારે ૨૧૬ પેજમાં છપાય છે કિંમત રૂા. ૨-૦-૦ ઘણી થોડી જ કોપીઓ છપાતી હોવાથી વેળાસર અમોને લખી જણાવવું. પોસ્ટેજ જુદું.

## સંસ્કૃત સીરીઝ પ્રકાશન ખાતું.

નીચેના ગ્રંથો સીલીકમાં જુજ છે, જેથી જરૂર હોય તેમણે સત્વર મંગાવી લેવા. ફરી છપાવી શકાય તેમ નથી.

૧ શ્રી બૃહતકલ્પસૂત્ર ભાગ ૩-૪-૫ રૂા પા રૂા. ૬। રૂા. ૫).
૨ કર્મગ્રંથ બીજો ભાગ ( પાંચમો છઠ્ઠો ) રૂા. ૪-૦-૦.
૩ શ્રી આદિનાથ ચરિત્ર પ્રથમપર્વ ( પ્રત તથા બુકાકારે ) કિંમત રૂા. ૧-૮-૦.
૪ શ્રી કથારત્નકોષ ગ્રંથ લેઝર પેપર રૂા. ૧૦-૦-૦, ગ્લેઝ પેપર રૂા. ૮-૮-૦.
૫ જૈન મેઘદૂત રૂા. ૨-૦-૦.

## દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાનોના સુંદર સચિત્ર ચરિત્રો.

નીચેના ગુજરાતી ગ્રંથોની માત્ર થોડી કોપીયો સીલીક છે. ફરી તે પણ છપાઇ શકે તેમ નથી. જલદી લાભ લેવા જેવું છે—

૧ શ્રી આદિનાથ ચરિત્ર રૂા. ૫-૦-૦
૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર રૂા. ૨-૦-૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ( બીજો ભાગ ) રૂા. ૨-૦-૦
૪ શ્રી વિમળનાથ ચરિત્ર રૂા. ૨-૦-૦
૫ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર રૂા. ૩-૦-૦
૬ શ્રી મહાવીર ચરિત્ર રૂા. ૩-૮-૦

## શ્રી કુમાર વિહાર શતક ગ્રંથ.

### શ્રી રામચંદ્રગણિ કૃત મૂળ અને શ્રી સુધાભૂષણગણિ કૃત અવચૂરિ અને ગુજરાતીમાં તેનો ભાવાર્થ વિશેષાર્થ સહિત.

તેરમાં સૈકામાં રસ અને અલંકારના ચત્કારથી વિભુષિત અસાધારણ નૈસર્ગિક આ ખંડ કાવ્યની રચના થયેલી છે. પરમાર્હત કુમારપાળ મહારાજાએ પાટણમાં પોતાના પિતા ત્રિભુવનપાળના નામથી બનાવેલ શ્રી કુમારવિહાર જૈન મંદિર અને આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે પ્રતિષ્ઠા કરેલ શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ રૂપ આ કાવ્યની રચના હોવા સાથે તે મંદિરનું ચમત્કારિક વર્ણન આપેલ છે. તે મંદિરમાં ૭૨ દેવકુલિકામાં ચોવીશ રત્નની, ૨૪ સુવર્ણની તથા પીતળની અને ચોવીશ રૂપાની ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના જિનેશ્વરોની પ્રતિમા બિરાજમાન હતી, અને મુખ્ય પ્રાસાદની અંદર ૧૨૫ અંગુલ ચંદ્રકાન્તમણીની પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા હતી. સર્વ કળશો અને સ્તંભો સુવર્ણના હતા. એકંદરે તે જિનમંદિર ૯૬ કોટિ દ્રવ્ય ખરચી કુમારપાળ મહારાજે બંધાવ્યું હતું, તેનું વર્ણન છે. કાવ્યની રચના સાથે તેનું ગુજરાતીનું ભાષાંતર પણ આપવામાં આવ્યું છે. ઉંચા આર્ટ પેપર ઉપર સુંદર શાસ્ત્રી અક્ષરથી પોથી આકારે છપાયેલ છે. ભાષા જ્ઞાનના અભ્યાસીઓ માટે ઉચ્ચ સાહિત્ય પૂરૂં પાડે છે. ૨૫૦ પાનાનો ગ્રંથ છે. કિંમત રૂા. ૨-૦-૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

## તૈયાર છે ! ॥ श्री कथारत्न कोष ॥(कहारायण कोसो) તૈયાર છે !!

આ "**કથારત્ન કોષ**" ગ્રંથ **પ્રાકૃત** ભાષામાં શ્રી **દેવભદ્રાચાર્ય** જેવા વિદ્વાન આચાર્ય મહારાજે સંવત ૧૧૫૯ માં તાડપત્ર ઉપર શ્લોક ૧૧૫૦૦ પ્રમાણમાં રચેલો છે; પ્રાચીન તાડપત્રની પ્રત ઉપરથી ઘણા જ પરિશ્રમે **સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે** સંશોધન કરી તૈયાર કરેલ છે, જે જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. અત્યાર સુધી જે ગ્રન્થનું નામ પણ સાંભળવામાં આવેલ નથી, એવા મહા મૂલ્યવાન જુદા જુદા **૫૦ જૈનધર્મના તત્ત્વજ્ઞાન** અને બીજા જાણવાલાયક વિષયો ઉપર અનેક **અનુપમ કથારૂપી રત્ન ભંડાર** આ ગ્રંથમાં ભરેલ છે; શ્રી મુનિ મહારાજાઓને વ્યાખ્યાન માટે તો ખાસ ઉપયોગી છે તેમ પુરવાર થયેલ છે. ફોર્મ ૬૬ **પાના ૮૦૦ આઠસેંહ** ઉંચા લેઝર પેપર, અને ઉંચા ટકાઉ ગ્લેઇઝ પેપર ઉપર શાસ્ત્રી સુંદર ટાઇપથી **પ્રતકારે** છપાવવામાં આવેલ છે, અનુક્રમે કિંમત રૂા. ૧૦) તથા રૂા. ૮–૮–૦

---

## જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય.

**( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર )**

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવન ચરિત્ર સૌરભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રામાણિક, ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. આ ગ્રંથમાં એકત્રીશ વ્યક્તિના તેત્રીશ કાવ્યોનો સંચય–ગુજરાતી રાસોનું સંશોધન કાર્ય સંપાદક મહાશયે કરેલ છે; તેમજ પાછળના કેટલાક રાસો વગેરેનું શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ.એલ. બી. તેમજ વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી બી. એ. એલ.એલ. બી. એ ઉપોદ્ઘાત પરિશિષ્ટો અને કેટલાક રાસો છોટાલાલ મગનલાલ શાહ અને પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી વગેરે સાક્ષરોએ સંપાદન કાર્ય કરેલ છે.

તેનો રચના કાળ ચૌદમાં સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી સાડા ચાર સૈકાનો છે, તે સૈકાઓનું ભાષા સ્વરુપ, ધાર્મિક, સમાજ, રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે તે સમયના લોકોની ગતિનું લક્ષબિંદુ એ દરેકને લગતી સત્ય પ્રમાણિક બધી માહિતીઓ આ ગ્રંથમાં આપવામાં આવેલી છે.

પંદરમાં સૈકા પછીના આચાર્યોએ ગુજરાતી ભાષામાં તે તે સમયમાં ને રૂપમાં તે તે પ્રાન્તમાં ગ્રામ્ય ભાષા ચાલતી તેને પ્રાધાન્યપણું આપી રચેલા આ કાવ્યો છે. આ કાવ્યોના કર્તા કવિઓની પ્રતિભા પણ તેમાં તરી આવે છે.

આ ગ્રંથમાં કાવ્યો, તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્ત્તા મહાશયો કયા કયા ગચ્છના હતા, તે તેમજ તેઓશ્રીના ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે, ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂા. ૨–૧૨–૦ પોસ્ટેજ અલગ.

## શ્રી તત્ત્વનિર્ણયપ્રસાદ ગ્રંથ

---

પ્રાતઃસ્મરણીય શ્રી **આત્મારામજી** ( શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ) મહારાજની કૃતિના અનેક અણમૂલા ગ્રંથોમાં મોટામાં મોટો અનેક જાણવા જેવી અનેક હકીકતો સાથેનો આ ગ્રંથ છે. પાના ૯૦૦ ઉપરાંત છે. આ ગ્રંથ ફરી છપાય તેમ પણ નથી. અમારી પાસે તેની ૫૦) કોપી માત્ર આવેલી છે. કિંમત રૂા. ૧૦) દશ પોસ્ટેજ અલગ.

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ : દાણાપીઠ—ભાવનગર.

For Private And Personal Use Only